dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year -09 | Issue-291 | AD - 2026, Ashadh Sud -13 | Monday, Dt. 27-07-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### માસિક સંવાદ કાર્યક્રમમાં દેશવાસીઓને મોદીનું સંબોધન

# પ્રતિભા અને જુસ્સો હોય તો દરેક માર્ગ સરળ બને છે : વડાપ્રધાન

નવી દિલ્હી, તા.૨૬

વડાપ્રધાને આજે માસિક સંવાદ કાર્યક્રમમાં દેશવાસીઓને સંબોધતા કહ્યું કે પ્રતિભા સાથે કંઈક પ્રાપ્ત કરવાનો જુસ્સો હોય તો દરેક માર્ગ સરળ બની જાય છે. તેમણે કારગિલ વિજય દિવસ નિમિત્તે શહીદ જવાનોને શ્રધ્ધાંજલિ અર્પણ કરી અને તેમની બહાદુરીને યાદ કરી. તેમણે જણાવ્યું કે દેશના સૈનિકોએ કપરા સંજોગોમાં પણ માતૃભૂમિની રક્ષા માટે સર્વસ્વ અર્પણ કર્યું હતું.

વડાપ્રધાને દેશની વધતી સંરક્ષણ ક્ષમતાનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે સ્વદેશી યુધ્ધ જહાજનું નૌકાદળમાં સામેલ થવું અને નવી પ્રક્ષેપાસ્ત્ર પ્રણાલીઓના સફળ પરીક્ષણો આત્મનિર્ભર ભારતની શક્તિ દર્શાવે છે. વિશ્વમાં ભારતીય સંરક્ષણ સાધનો પ્રત્યે વિશ્વાસ સતત વધી રહ્યો હોવાનું પણ તેમણે જણાવ્યું.

તેમણે વરસાદી પાણીના સંગ્રહ માટે ચાલી રહેલા અભિયાનમાં લોકો જોડાય તેવી અપીલ કરી. ગામ અને શહેરોમાં તળાવ, કૂવા અને જળસંગ્રહના સ્ત્રોતોની સંભાળ રાખીને પાણીના દરેક ટીપાને બચાવવાનો સંદેશ આપ્યો.

રમતગમત અને શિક્ષણ ક્ષેત્રે યુવાનોની સિધ્ધિઓની પ્રશંસા કરતાં તેમણે કહ્યું કે ભારતીય ખેલાડીઓ અને વિદ્યાર્થીઓએ આંતરરાષ્ટ્રીય સ્તરે દેશનું ગૌરવ વધાર્યું છે. વિજ્ઞાન, ગણિત, રસાયણવિજ્ઞાન અને જીવવિજ્ઞાન જેવી સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું છે.



કાશ્મીરની પરંપરાગત સાદડી બનાવવાની કળા જાળવી રાખનારા કારીગરો તેમજ ઉત્તર પ્રદેશની મહિલાઓ દ્વારા તૈયાર કરવામાં આવેલી હર્બલ ચાની પણ તેમણે પ્રશંસા કરી. સ્થાનિક કૌશલ્ય, મહિલાઓનો આત્મવિશ્વાસ અને મહેનત સાથે જોડાય ત્યારે નાનો પ્રયાસ પણ મોટા પરિવર્તનનું કારણ બની શકે છે, તેમ તેમણે જણાવ્યું. અંતે તેમણે દેશવાસીઓને આત્મનિર્ભર, સશક્ત અને વિકસિત ભારતના નિર્માણ માટે સૌ સાથે મળીને આગળ વધવાની અપીલ કરી.

### કારગિલ વિજય દિવસે શહીદોને દેશની શ્રધ્ધાંજલિ

કારગિલ વિજય દિવસ નિમિત્તે વડાપ્રધાને દેશના બહાદુર સૈનિકોની અસાધારણ હિંમત અને સમર્પણને નમન કર્યું. તેમણે જણાવ્યું કે સૌથી કપરા સંજોગોમાં પણ સૈનિકોએ દેશની સુરક્ષા માટે સર્વોચ્ચ બલિદાન આપ્યું છે, જે હંમેશા રાષ્ટ્રીય ગૌરવનું પ્રતિક રહેશે. તેમણે આત્મનિર્ભર અને સશક્ત ભારતના નિર્માણનો સંકલ્પ વધુ મજબૂત બનાવવાનો સંદેશ આપ્યો. ગૃહમંત્રી અમિત શાહે કારગિલ વિજયને ભારતીય સેનાની અદમ્ય બહાદુરીનું પ્રતિક ગણાવ્યું અને શહીદોને શ્રધ્ધાંજલિ આપી. કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે અને રાહુલ ગાંધીએ પણ કારગિલ યુધ્ધમાં બલિદાન આપનારા જવાનોને યાદ કરીને તેમની હિંમત અને દેશપ્રેમને સલામ કરી. તમામ નેતાઓએ શહીદોના બલિદાનને દેશ માટે પ્રેરણારૂપ ગણાવ્યું.

# નેપાળમાં ફરી ૨૦૦ અને ૫૦૦ રૂપિયાની ભારતીય નોટોના ઉપયોગની મંજૂરી

નવી દિલ્હી, તા.૨૬

નેપાળ સરકારે નવી માર્ગદર્શિકા જાહેર કરીને ભારતીય ૨૦૦ અને ૫૦૦ રૂપિયાની ચલણી નોટોના ઉપયોગને ફરી મંજૂરી આપી છે. નવા નિયમ મુજબ ભારતીય અને નેપાળી નાગરિકો ૯ નવેમ્બર, ૨૦૧૬ પછી જારી થયેલી ૨૦૦ અને ૫૦૦ રૂપિયાની ભારતીય નોટોમાં વધુમાં વધુ ૨૫ હજાર રૂપિયા સુધી નેપાળમાં લઈ જઈ શકશે. જ્યારે ૨૦૧૬ પહેલાંની ૫૦૦



અને ૧૦૦૦ રૂપિયાની નોટો પર પ્રતિબંધ યથાવત રહેશે.

સરકારે જણાવ્યું છે કે નેપાળી નાગરિકો અને વિદેશી પ્રવાસીઓ કસ્ટમ્સમાં જાણ કર્યા વગર ૫ હજાર અમેરિકી ડોલર સુધીની રકમ નેપાળમાં લઈ જઈ શકશે. તેનાથી વધુ રકમ માટે કસ્ટમ્સને જાણ કરવી ફરજિયાત રહેશે. સાથે જ નેપાળી નાગરિકો ભારત સિવાય અન્ય કોઈ દેશમાંથી ભારતીય ચલણ નેપાળમાં લાવી શકશે નહીં અને ભારત સિવાયના દેશમાં લઈ પણ જઈ શકશે નહીં.


નેપાળ સરકારનું માનવું છે કે આ નિર્ણયથી ભારતથી આવતા પ્રવાસીઓ, વેપારીઓ અને બંને દેશો વચ્ચેના વ્યવસાયને સરળતા મળશે. ભારત અને નેપાળ વચ્ચે ખુલ્લી સરહદ અને લાંબા સમયથી રહેલા સામાજિક તથા વેપારી સંબંધોને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું જણાવાયું છે.

# ઓડિશામાં આગામી ચોવીસ કલાક દરમિયાન ભારે વરસાદનું રેડ એલર્ટ

નવી દિલ્હી, તા.૨૬

દેશના અનેક વિસ્તારોમાં સોમવારે ભારે વરસાદની શક્યતા વચ્ચે હવામાન વિભાગે ઓડિશાના અનેક જિલ્લાઓમાં રેડ એલર્ટ જાહેર કર્યું છે. ઉત્તરપશ્ચિમ બંગાળની ખાડીમાં સર્જાયેલા ઓછા દબાણના કારણે ભારે વરસાદ, પૂર અને ભૂસ્ખલનની સ્થિતિ સર્જાઈ શકે તેવી ચેતવણી આપવામાં આવી છે.

ઓડિશાના કટક, જગતસિંહપુર, કેન્દ્રપાડા, ભદ્રક, જાજપુર અને કેઓંઝર જિલ્લામાં અતિ ભારે વરસાદની આગાહી કરવામાં આવી



છે. કેટલાક અન્ય જિલ્લાઓમાં નારંગી અને પીળી ચેતવણી પણ જાહેર કરવામાં આવી છે. આગામી ચોવીસ કલાક દરમિયાન ભારે પવન, વીજળીના કડાકા અને વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. રાજસ્થાનના જાલોર અને સિરોહી જિલ્લામાં પણ ભારે વરસાદની આગાહી સાથે નારંગી ચેતવણી આપવામાં આવી છે. રાજ્યના અન્ય વિસ્તારોમાં મધ્યમથી ભારે વરસાદની સંભાવના છે. હિમાચલ પ્રદેશમાં સતત વરસાદના કારણે અનેક માર્ગો બંધ થયા છે અને કેટલાક વિસ્તારોમાં ભૂસ્ખલન તથા અચાનક પૂરનું જોખમ વધ્યું છે.

હવામાન વિભાગે ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, બિહાર, ઝારખંડ, પશ્ચિમ બંગાળ અને અન્ય કેટલાક રાજ્યોમાં પણ ભારે વરસાદની આગાહી કરી છે. નીચાણવાળા અને પહાડી વિસ્તારોમાં રહેતા લોકોને સાવચેત રહેવા અને જરૂરી હોય ત્યારે જ મુસાફરી કરવાની સલાહ આપવામાં આવી છે.

### પ્રશ્નપત્ર ફોડવાની ઘટનાઓ અને અન્ય દુર્વ્યવહાર અટકાવવા માટે

# જાહેર પરીક્ષા સુધારા બિલ આજે લોકસભામાં રજૂ થશે

નવી દિલ્હી, તા.૨૬

જાહેર પરીક્ષા સુધારા બિલ, ૨૦૨૬ આજે લોકસભામાં રજૂ કરવામાં આવશે. કેન્દ્રીય મંત્રી જીતેન્દ્ર સિંહ આ બિલ ગૃહમાં રજૂ કરશે. જાહેર પરીક્ષાઓમાં ગેરરીતિ, પ્રશ્નપત્ર ફોડવાની ઘટનાઓ અને અન્ય દુર્વ્યવહાર અટકાવવા માટે વર્તમાન કાયદામાં સુધારા કરવાની જોગવાઈ આ બિલમાં કરવામાં આવી છે. સરકારનું કહેવું છે કે પરીક્ષા પ્રણાલીને વધુ પારદર્શક,



વિશ્વસનીય અને કડક બનાવવા માટે આ સુધારા જરૂરી છે.

કેન્દ્રીય મંત્રિમંડળે આ સુધારા બિલને મંજૂરી આપી છે. નવા કાયદા હેઠળ પ્રશ્નપત્ર ફોડવા અથવા પરીક્ષામાં ગેરરીતિ કરનારાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. તેમાં દસ વર્ષ સુધીની જેલની સજા તેમજ એક કરોડથી દસ કરોડ રૂપિયા સુધીના દંડની જોગવાઈ કરવામાં આવી છે. આવા ગુનાઓની ઝડપી સુનાવણી માટે વિશેષ અદાલતોમાં ત્રણ મહિનાની અંદર કેસનો નિર્ણય કરવાની વ્યવસ્થા પણ કરવામાં આવશે.

સરકારે જણાવ્યું છે કે વિદ્યાર્થીઓના હિતોની સુરક્ષા માટે પરીક્ષા વ્યવસ્થામાં કડક સુધારા જરૂરી બન્યા છે. પ્રશ્નપત્ર ફોડવાના બનાવો સામે ઝડપથી કાર્યવાહી થાય અને દોષિતોને કડક સજા મળે તે માટે દેશના વિવિધ શહેરોમાં વિશેષ અદાલતો કાર્યરત કરવામાં આવી રહી છે. અન્ય વિસ્તારોમાં પણ આવી અદાલતો શરૂ કરવાની પ્રક્રિયા ચાલી રહી છે. તાજેતરમાં થયેલી પરીક્ષા ગેરરીતિઓ બાદ દેશમાં વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શનો વધ્યા હતા. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સરકારે પરીક્ષા પ્રણાલીમાં સુધારા માટે અનેક મહત્વના નિર્ણયો લીધા છે. સરકારનો વિશ્વાસ છે કે નવા કાયદાથી જાહેર પરીક્ષાઓમાં પારદર્શિતા વધશે, ગેરરીતિઓ પર અસરકારક નિયંત્રણ આવશે અને વિદ્યાર્થીઓનો પરીક્ષા પ્રત્યેનો વિશ્વાસ વધુ મજબૂત બનશે.

# ધર્મેન્દ્ર પ્રધાને પહેલા જ દિવસે રાજીનામાની તૈયારી દર્શાવી હતી: કૈલાશ વિજયવર્ગીય




ઈન્દોર,તા.૨૬

મધ્યપ્રદેશના મંત્રી કૈલાશ વિજયવર્ગીયએ દાવો કર્યો કે નીટ પેપર લીક મુદ્દે વિરોધ શરૂ થતાં જ ધર્મેન્દ્ર પ્રધાને રાજીનામું આપવાની તૈયારી દર્શાવી હતી, પરંતુ ભાજપ નેતૃત્વે તે સમયે મંજૂરી આપી નહોતી. બાદમાં પરિસ્થિતિ બદલાતા પક્ષના નિર્ણય મુજબ તેમણે રાજીનામું આપ્યું હોવાનું વિજયવર્ગીયએ જણાવ્યું હતું.









રોજના હજારો લોકો માટે અહીંથી પસાર થવું જોખમી બની ગયું

# રાજુલાના ભેરાઈ રોડ પર ખાડાઓનું સામ્રાજ્ય, બિસ્માર રસ્તાથી વાહનચાલકો ત્રસ્ત

રાજુલા,તા.૨૬

રાજુલા શહેરના અત્યંત વ્યસ્ત ગણાતા નાગેશ્વર (નાગેટ) માર્કેટિંગ યાર્ડ સામેથી ભેરાઈ ગામ તરફ જતા મુખ્ય માર્ગની બિસ્માર હાલતે વાહનચાલકો અને રાહદારીઓની મુશ્કેલીઓમાં ભારે વધારો કર્યો છે. રસ્તા પર પડેલા એક-એક ફૂટ ઊંડા ખાડાઓને કારણે રોજના હજારો લોકો માટે અહીંથી પસાર થવું જોખમી બની ગયું છે.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર, દરરોજ અસંખ્ય નાના-મોટા વાહનોની અવરજવર ધરાવતા આ માર્ગ પર અવારનવાર દ્વિચક્રી વાહનો સ્લીપ થવાથી અકસ્માતો સર્જાઈ રહ્યા છે. પાણી ભરાવાના કારણે ખાડાઓનો અંદાજ ન આવતાં અજાણ્યા વાહનચાલકો સીધા તેમાં ખાબકે છે. આ સ્થિતિની સૌથી માઠી અસર વડીલો, મહિલાઓ, શાળા-કોલેજે



જતી વિદ્યાર્થીનીઓ અને હોસ્પિટલે જતા દર્દીઓ પર પડી રહી છે. ઈમરજન્સી વખતે દર્દીઓને આ રસ્તેથી લઈ જતી વખતે વાહનોના આંચકાથી તેમની તકલીફો બેવડાઈ જાય છે.સામાજિક અગ્રણી દેવશીભાઈ બાંભણિયા સહિતના સ્થાનિક નાગરિકોએ તંત્ર સામે ભારે રોષ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, મુખ્ય માર્ગ હોવા છતાં સંબંધિત વિભાગ દ્વારા લાંબા સમયથી કોઈ યોગ્ય જાળવણી કે સમારકામ કરવામાં આવ્યું નથી. સ્થાનિકોએ ચીમકી આપી છે કે જો કોઈ મોટો જાનલેવા અકસ્માત સર્જાય તે પહેલાં ખાડાઓનું પુરાણ કરી કાયમી મજબૂત રિપેરિંગ કરવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં આંદોલનાત્મક કાર્યક્રમો હાથ ધરવામાં આવશે.

**અકસ્માત સર્જાય તે પહેલા રિપેરિંગ કરવામાં નહિ આવે ઉગ્ર આંદોલન**

# રાંદલના દડવા ગામે મંત્રી કૌશિક વેકરીયાની ઉપસ્થિતિમાં 'મન કી બાત' નિહાળવામાં આવ્યું

વડિયા,તા.૨૬

વડિયા તાલુકાના રાંદલના દડવા ગામે બૂથ નંબર ૧ ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'મન કી બાત' કાર્યક્રમનું વિશેષ પ્રસારણ યોજાયું હતું. આ પ્રસંગે રાજ્યના કાયદો અને ઊર્જા મંત્રી કૌશિકભાઈ વેકરીયાએ ગ્રામજનો સાથે ઉપસ્થિત રહી કાર્યક્રમ નિહાળ્યો હતો.



આ તકે મંત્રી કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનના પ્રેરણાદાયી વિચારોથી સૌને નવી ઊર્જા મળે છે અને 'વિકસિત ભારત'ના સંકલ્પમાં સહભાગી બનવું એ જ સાચી રાષ્ટ્રસેવા છે. આ કાર્યક્રમમાં સરપંચ મનસુખભાઈ બરવાળીયા, તાલુકા ભાજપ પ્રમુખ વિપુલભાઈ વસાણી, મહામંત્રી રમેશભાઈ સાકરીયા, સંજયભાઈ વસાણી સહિત સ્થાનિક હોદ્દેદારો અને ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# બગસરા ગામનાં કબ્રસ્તાનમાં સિંહ પરિવારના ધામા, સ્થાનિકોમાં ફફડાટ

**વન વિભાગે તાત્કાલિક સિંહ પરિવારને સલામત સ્થળે ખસેડ્યો**

બગસરા,તા.૨૬

બગસરા પંથકમાં સિંહ અને દીપડાની વધતી જતી સક્રિયતા વચ્ચે હુડકો વિસ્તાર પાસે આવેલા કબ્રસ્તાનમાં એક સિંહ, સિંહણ અને બે બચ્ચાં આવી ચડતાં સ્થાનિકોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો હતો. ઉલ્લેખનીય છે કે ગઈકાલે જ આ વિસ્તારમાં સિંહે ગાયનું મારણ કર્યું હતું.કબ્રસ્તાનમાં સિંહ પરિવારે ધામા નાખ્યાની જાણ થતાં જ વન વિભાગની ટીમ તાબડતોબ ઘટનાસ્થળે દોડી આવી હતી. ફોરેસ્ટર જી. એ. ભુવા, એમ. એમ. ચૌહાણ, એમ. પી. વાઢીયા અને મહેશભાઈ માટીયા સહિતના સ્ટાફે પ્રશંસનીય કામગીરી દાખવી સિંહ પરિવારને સલામત રીતે ખદેડી મૂક્યો હતો. વન વિભાગ દ્વારા હાલ આ સિંહ પરિવાર પર સતત વોચ રાખવામાં આવી રહી છે.




તસવીર : હાર્દિક બામટા

# રાજુલાના સન્યાસ આશ્રમમાં દીપડો આંટાફેરા કરતો CCTV વીડિયો વાયરલ

રાજુલા,તા.૨૬

સમગ્ર રાજ્ય સાથે અમરેલી જિલ્લામાં પણ માનવ વસાહતો તરફ દીપડાઓના વિચરણની ઘટનાઓ ચિંતાજનક રીતે વધી રહી છે. રાજુલા શહેરના આગરીયા જકાતનાકા વિસ્તારમાં આવેલા સન્યાસ આશ્રમમાં મોડી રાત્રે એક દીપડો ઘૂસી આવ્યો હતો અને મંદિર પરિસરમાં ફરતો જોવા મળ્યો હતો.શિકારની શોધમાં પહોંચેલા દીપડાની આ સમગ્ર હિલચાલ સીસીટીવી (CCTV) કેમેરામાં કેદ થઈ ગઈ હતી. આ વાયરલ વીડિયોથી સ્થાનિકોમાં ભારે



દહેશત ફેલાઈ છે. ઘટનાની જાણ થતાં જ રાજુલા વન વિભાગની ટીમે સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી છે અને દીપડાને પાંજરે પૂરવા તજવીજ શરૂ કરી છે.

## ખાંભાના પચપચીયા ગામના યુવક સામે સગીરાના અપહરણની ફરિયાદ

ખાંભા, તા.૨૬

ખાંભાના પચપચીયા ગામના યુવક સામે સગીરાના અપહરણની ફરિયાદ નોંધાઈ હતી. બનાવ અંગે સગીરાના પિતાએ પચપચીયા ગામના પ્રવિણ સુખાભાઈ બગડા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપી તેમની પુત્રીને કાયદેસરના વાલીપણામાંથી લગ્ન કરવાના તથા બદકામ કરવાના ઈરાદે લલચાવી ફોસલાવી અપહરણ કરીને લઈ ગયો હતો.

## બાબરામાં ATM કાર્ડ બદલી રૂ. ૩૨,૦૦૦ ઉપાડી લીધા

બાબરા, તા.૨૬

બાબરામાં ATM કાર્ડ બદલી રૂ. ૩૨ હજાર ઉપાડી લીધાની ઈસમ સામે ફરિયાદ નોંધાઈ હતી. જીવાભાઈ હાથીભાઈ માંજરીયાએ ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, કોઈ અજાણયો ઈસમે તેમને મદદ કરવાના બહાને એ.ટી.એમ.માં જઈ તેમની નજર ચુકવી એ.ટી.એમ. બદલાવી લઈ જઈ બીજુ એ.ટી.એમ. આપી દઈ કુલ રૂા-૩૨૦૦૦ ઉપાડી લીધા હતા.

# લીલીયામાં નીલકંઠ સરોવરના તૂટેલા બંધારાનું રિપેરિંગ માટે જલધારા સેવા સમિતિ દ્વારા યુધ્ધના ધોરણે કામગીરી

લીલીયા,તા.૨૬

લીલીયા મોટા અને આસપાસના ગ્રામજનો માટે જીવાદોરી સમાન નીલકંઠ સરોવરનો બંધારો તાજેતરમાં પડેલા ભારે વરસાદના કારણે તૂટી ગયો હતો. જળાશયમાંથી મોટા પ્રમાણમાં પાણીનો વ્યય થઈ રહ્યો હોવાથી ગામના જળસ્તર અને ભવિષ્યના પાણીના પુરવઠા સામે ગંભીર સંકટ ઊભું થયું હતું.પરિસ્થિતિની



ગંભીરતા સમજીને 'જલધારા સેવા સમિતિ' અને સ્થાનિક સેવાભાવી લોકો દ્વારા ત્વરિત ધોરણે સમારકામ હાથ ધરવામાં આવ્યું છે. કિંમતી પાણી વહી જતું અટકે અને ગામમાં જળસંકટ ન સર્જાય તે માટે સમિતિના સભ્યો યુધ્ધના ધોરણે મરામતની કામગીરી કરી રહ્યા છે.

# મોટા ભંડારીયા ખાતે પ્રવેશદ્વારનું લોકાર્પણ: સંતો અને રાજકીય અગ્રણીઓની ઉપસ્થિતિ

અમરેલી,તા.૨૬

અમરેલી તાલુકાના મોટા ભંડારીયા ખાતે પ્રવેશદ્વારનું ઉદ્ઘાટન સંપન્ન થયું હતું. આ અવસરે સત્તાધારના મહંત શ્રી વિજયબાપુ, ખોડિયાર મંદિર (નેસડી)ના મહંત શ્રી લવજીબાપુ તેમજ જીગા ભગત સહિતના સાધુ-સંતોએ ઉપસ્થિત રહી આશીર્વચન પાઠવ્યા હતા.આ કાર્યક્રમમાં રાજ્યમંત્રી કૌશિકભાઈ





વેકરીયા, સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, ખેડૂત અગ્રણી જયસુખભાઈ કસવાલા, ભરતભાઈ કસવાલા, સુડાવળના સરપંચ પ્રવીણભાઈ આસોદરીયા તથા મોટા આંકડિયા જિલ્લા પંચાયત સદસ્ય ડેનીભાઈ પરમાર સહિતના આગેવાનો અને ગ્રામજનો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# સાવરકુંડલા ગુરુકુળ ખાતે જિલ્લા કક્ષાની શાળાકીય બેઝબોલ સ્પર્ધાનું આયોજન

સાવરકુંડલા,તા.૨૬

શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ, સાવરકુંડલા ખાતે અમરેલી જિલ્લા કક્ષાની અંડર-૧૪, ૧૭ અને ૧૯ વયજૂથની ભાઈઓ તથા બહેનો માટેની બેઝબોલ સ્પર્ધાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં જિલ્લાભરમાંથી ૨૩૦ જેટલા ખેલાડીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.ધારા સભ્ય



મહેશભાઈ કસવાલા તથા કોઠારી અક્ષરમુક્તદાસજી સ્વામીના હસ્તે સ્પર્ધાનું ઉદ્ઘાટન કરાયું હતું. અંડર-૧૪, ૧૭ અને ૧૯ બંને વર્ગમાં સ્વામિનારાયણ ગુરુકુળ અંગ્રેજી મીડિયમ શાળા વિજેતા બની હતી. કાર્યક્રમમાં રમતગમત અધિકારી પૂનમ મેડમ, યુવા વિકાસ અધિકારી અશરફભાઈ કુરેશી ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાના વડા શાસ્ત્રી ભગવતપ્રસાદદાસજી સ્વામી અને પ્રમુખ શાસ્ત્રી હરિપ્રસાદદાસજી સ્વામીએ વિજેતા ખેલાડીઓને આશીર્વાદ પાઠવ્યા હતા.









### ૨૦ થી ૩૫ વર્ષના યુવાનોના મોત બાદ

# બાબરાના ચમારડી ગામમાં ખુલ્લેઆમ વેચાતા દારૂ સામે ગ્રામજનોમાં રોષ

બાબરા, તા.૨૬

ગુજરાત અને અમરેલીમાં કડકા દારૂબંધીના દાવા વચ્ચે માંગો તે બ્રાંડનો વિદેશી દારૂ અને દેશી દારૂ ગમે તે ખૂણામાં છૂટછી મળી રહી છે. આ દરમિયાન અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના ચમારડી ગામે ગેરકાયદેસર રીતે ચાલતા દેશી-વિદેશી દારૂના વેચાણ સામે સમગ્ર ગ્રામજનો અને મહિલાઓમાં ભારે રોષ અને આક્રોશ ફાટી નીકળ્યો છે. ગામમાં ખુલ્લેઆમ થઈ રહેલા દારૂના વેચાણને કારણે નાની વયના યુવાનો દારૂના વ્યસનમાં હોમાઈ રહ્યા હોવાનો અને દારૂના લીધે ૨૦ થી ૩૫ વર્ષની વયના અનેક યુવાનોના અકાળે અકાળે અવસાન થતાં અનેક માસૂમ બાળકો બાપ વિહોણા બની ગયા હોવાના સનસનાટીભર્યા આક્ષેપો સાથે ગામલોકોએ તંત્ર સામે મોરચો માંડ્યો છે.

બે દિવસ પહેલાં ચમારડી ગામના જાગૃત નાગરિકો અને ગ્રામજનોએ એકઠા થઈ ગ્રામ પંચાયત કચેરી ખાતે સરપંચને આવેદનપત્ર સુપ્રત કર્યું હતું. રજૂઆતમાં ગ્રામજનોએ ઉગ્ર આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, ચમારડી ગામમાં ખુલ્લેઆમ દારૂ વેચાઈ રહ્યો છે. આ દારૂના વ્યસનથી ૨૦ થી ૩૫ વર્ષના નાની વયના યુવાનો મોતને ભેટ્યા છે. જેના કારણે નાનાં નાનાં માસૂમ બાળકો પિતાની છત્રછાયા ગુમાવી બેઠા છે. ચમારડી ગામની અંદર કોઈપણ જગ્યાએ દારૂ વેચાવો જોઈએ નહીં અને આ દૂષણ તાત્કાલિક બંધ થવું જોઈએ. આ અરજીમાં ગામના અનેક નાગરિકો અને મહિલાઓએ સહીઓ તથા અંગૂઠા મારી પોતાનો ભારે વિરોધ નોંધાવ્યો હતો.



ગ્રામજનોની ગંભીર રજૂઆત બાદ, ચમારડી ગ્રામ પંચાયતના સરપંચ દયાબેન જીવણભાઈ પિઠડીયાએ તુરંત જ મામલાની ગંભીરતા સમજી બાબરા પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સ્પેક્ટરને રજૂઆત કરી છે. પોલીસ તંત્રને કરવામાં આવેલી અરજીમાં જણાવાયું છે કે, ચમારડી ગામમાં કેટલાક અસામાજિક તત્વો દ્વારા ગેરકાયદેસર રીતે દારૂનું વેચાણ કરવામાં આવી રહ્યું છે. જેના કારણે ગામમાં અશાંતિનું વાતાવરણ ઊભું થાય છે, કૌટુંબિક અને ઘરેલું ઝઘડાઓ વધે છે તથા યુવાનો તેમજ ગામના અન્ય લોકો પર અત્યંત ખરાબ અસર પડી રહી છે.

સરપંચ તથા ગ્રામજનોએ બાબરા પોલીસને ચમારડી ગામ અને લાર્તી પ્લોટ વિસ્તારમાં ચાલતા ગેરકાયદેસર દારૂના અડ્ડાઓ પર તાત્કાલિક દરોડા પાડી, તપાસ કરી કાયદેસરની કડક કાર્યવાહી કરવામાં આવે અને ગામમાંથી દારૂનું વેચાણ સંપૂર્ણપણે બંધ કરાવવામાં આવે તેવી માંગ કરી છે. હવે જોવાનું એ રહેશે કે બાબરા પોલીસ આ ગંભીર બાબતને કેટલી ઝડપથી ધ્યાને લઈ દારૂના બુટલેગરો સામે કડક હાથે કામ લે છે.

### પગલાં નહી લેવાયતો મહિલાઓ કરશે ચક્કાજામ

ગામલોકોમાં ચર્ચાતી વિગતો મુજબ, જો પોલીસ તંત્ર દ્વારા આ બાબતે ત્વરિત અને આકરા પગલાં લેવામાં નહીં આવે, તો આવનારા દિવસોમાં ચમારડી ગામની મહિલાઓ અને ગ્રામજનો દ્વારા ગાંધીચિંધ્યા માર્ગે ઉગ્ર આંદોલન કે ચક્કાજામ જેવા કાર્યક્રમો આપવામાં આવશે.

### અમરેલી તાલુકાના ફતેપુર પાસે બાઇક સવારે ખુલ્લેઆમ દારૂની કોથળી બતાવી



સ્થાનિકોમાં એક વીડિયો વાયરલ થયો છે. જેમાં અમરેલી તાલુકાના ફતેપુર પાસે શૂટિંગ ઉતારનાર વ્યક્તિ બાઈક સવાર બે લોકોને દારૂ ક્યાંથી લાવ્યા તે અંગે પ્રશ્ન પૂછે છે. બાઈક પર બેઠેલી વ્યક્તિઓ ઈશારો કરીને દારૂ વેચાતો હોવાનું સ્થળ બતાવે છે. ઉપરાંત વીડિયો ઉતારનાર પૂછે છે કે કેટલાની કોથળી છે? આમાં કોઈ સ્કીમ છે કે નહીં? જે બાદ બાઈક સવાર હસીને જવાબ આપે છે ના એવું કાંઈ નથી. વાતચીત પૂર્ણ થતાં જ પાછળ બેઠેલ વ્યક્તિ કોથળી સરખી કરે છે અને બાઈક ચાલક ત્યાંથી નીકળી જાય છે.

### મહિલાઓ અને ગ્રામજનોએ સરપંચને રજૂઆત કર્યા બાદ બાબરા પોલીસ સ્ટેશને દારૂબંધીની કડક અમલવારી કરવા માંગ કરી

---

# સુરત ખાતે ટીબી ગામ પટેલ સમાજનો સ્નેહમિલન સમારોહ યોજાયો: વડીલો અને તેજસ્વી પ્રતિભાઓનું સન્માન કરાયું

સુરત,તા.૨૬

સુરત ખાતે વસતા ટીબી ગામના સમસ્ત પટેલ સમાજનો ભવ્ય સ્નેહમિલન સમારોહ યોજાયો હતો. સમારોહ દરમિયાન વડીલોનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. સાથે જ શૈક્ષણિક ક્ષેત્રે ઉત્કૃષ્ટ દેખાવ કરનાર તેજસ્વી વિદ્યાર્થીઓ અને ઉચ્ચ પદવી મેળવનાર યુવાનોને ટ્રોફી આપી પ્રોત્સાહિત કરાયા હતા. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે રામભાઈ ધડુક અને રાજુલા-જાફરાબાદ પટેલ સમાજના પ્રમુખ હાર્દિકભાઈ કોટડીયા ઉપસ્થિત રહ્યા હતા.



આ ઉપરાંત, મયુરભાઈ કથીરીયા અને ઘનશ્યામભાઈ ભાલાળાએ પણ ખાસ હાજરી આપી હતી.આ આયોજન માટે રામભાઈ ધડુકે પોતાની 'રામવાડી' વિનામૂલ્યે આપી હતી, જ્યારે ઉત્સવ ભાલાળા તરફથી ફોટોગ્રાફીની સેવા પૂરી પાડવામાં આવી હતી. હાર્દિકભાઈ કથીરીયા, વિપુલભાઈ ભાલાળા, રાહુલ ગજેરા, પરેશ શિંગાળા અને ટીમના અથાક પરિશ્રમથી કાર્યક્રમ સફળ રહ્યો હતો. અંતમાં રાસ-ગરબા અને સમૂહભોજન સાથે સ્નેહમિલન સંપન્ન થયું હતું.

# NRI સાથે રૂ. ૧૧ લાખની છેતરપિંડીનાં નાણાં અમરેલી પોલીસે પરત અપાવ્યા

અમરેલી,તા.૨૬

સિડની (ઓસ્ટ્રેલિયા) ખાતે સ્થાયી થયેલા એનઆરઆઈ સૌરભ જોલી સાથે થયેલી રૂ. ૧૧ લાખની સાયબર છેતરપિંડીના કેસમાં અમરેલી પોલીસે ત્વરિત કાર્યવાહી કરીને સમગ્ર રકમ પરત અપાવી છે. પીડિતે માત્ર એક ઈ-મેઈલ દ્વારા અમરેલી પોલીસ વડાને અરજી મોકલી હતી, જેના પર સાયબર ક્રાઈમ ટીમે સત્વરે કાર્યવાહી હાથ ધરી હતી.પોલીસ સુપ્રિટેન્ડન્ટ સંજય ખરાતના જણાવ્યા અનુસાર, દિલ્હીના મૂળ નિવાસી અને હાલ સિડની રહેતા સૌરભ જોલીએ એપ્રિલ ૨૦૨૬માં સોનું ખરીદવા માટે અમરેલીના એક શખ્સને રૂ. ૧૧ લાખ ટ્રાન્સફર કર્યા હતા. જોકે, પેમેન્ટ મેળવ્યા બાદ પણ સોનું પૂરું પાડવામાં આવ્યું નહોતું. ઈ-મેઈલથી ફરિયાદ મળતા જ અમરેલી સાયબર ક્રાઈમ સેલે સંબંધિત બેંક સાથે સંકલન સાધી તપાસ તેજ કરી હતી અને ગણતરીના દિવસોમાં જ સંપૂર્ણ રકમ રિકવર કરી મૂળ માલિકને પરત અપાવી હતી. અમરેલી પોલીસની આ ઉત્કૃષ્ટ કામગીરી બદલ ફરિયાદીએ પોલીસ વિભાગનો આભાર માન્યો હતો.

# કારગિલ વિજય દિવસે ગજેરા કેમ્પસની જાહેરાત: શહીદોના સંતાનોને ૧૦૦% અને સૈનિકોના બાળકોને ૫૦% ફી માફી

અમરેલી,તા.૨૬

અમરેલીના શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ – વિદ્યાસભા દ્વારા કારગિલ વિજય દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીના માર્ગદર્શન હેઠળ હોસ્ટેલના વિદ્યાર્થીઓએ અમર જવાન સ્મારક સુધી રેલી કાઢી શહીદોને પુષ્પાંજલિ અને મૌન પાળી શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા તથા મેનેજિંગ ટ્રસ્ટી અશોકભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખુંટ, ટ્રસ્ટી મનસુખભાઈ




ધાનાણી તથા ટ્રસ્ટી મંડળે ઐતિહાસિક જાહેરાત કરી હતી. જે મુજબ, શહીદ જવાનોના બાળકોને ગજેરા કેમ્પસમાં ૧૦૦ ટકા શાળા ફી માફી આપવામાં આવશે. આ ઉપરાંત, હાલ સેવામાં હોય કે નિવૃત્ત થયેલા ભારતીય સેનાના સૈનિકોના સંતાનોને શાળા ફીમાં ૫૦ ટકા રાહત આપવામાં આવશે. દેશના વીર જવાનોના બલિદાન પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા અને તેમના પરિવારોને શિક્ષણ ક્ષેત્રે મદદરૂપ થવા સંસ્થા દ્વારા આ સરાહનીય નિર્ણય લેવામાં આવ્યો છે.




# ધારીમાં રોયલ્ટી પાસ વગર રેતી ખનન કરતું ટ્રેક્ટર ઝડપતા જાનથી મારી નાખવાની ધમકી

ધારી, તા.૨૬

અમરેલી જિલ્લામાં રેતી ખનન કરતાં ઈસમો સામે લાલ આંખ કરવામાં આવી હતી. ધારીના વેકરીયાપરા પાસે સર્કલ ઓફિસરે રોયલ્ટી પાસ વગર રેતી ખનન કરતું ટ્રેક્ટર ઝડપ્યું હતું. જે બાદ તેમને ગાળો આપીને જાનથી મારવાની ધમકી આપી હતી. બનાવ સંદર્ભે કુલદીપસિંહ જામસંગભાઈ હાડા (ઉ.વ.૩૫)એ ઉદયભાઈ વાળા (રહે. શિવડ) તથા અન્ય અજાણ્યા પાંચ ઈસમો સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ પોતાની ફરજ ઉપર હોઈ તે દરમ્યાન ધારી વેકરીયાપરા પાસે ગેરકાયદે રેતી ભરેલ ટ્રેક્ટર રોકી રોયલ્ટી પાસ માંગતા રોયલ્ટી પાસ ન હોવાનુ ડ્રાઈવરે જણાવ્યું હતું.જેથી તેમણે ટ્રેક્ટર મામલતદાર કચેરીએ લઈ લેવાનું જણાવતા આ આરોપી ટ્રેક્ટર ચાલક તથા પાછળથી આવેલા તહોમતદાર ટ્રેક્ટર માલીક તથા અન્ય ત્રણ જેટલા આરોપી જેમાના એક ઉદયભાઈ વાળા રહે. શીવડએ ગેરકાયદે મંડળી રચી તેમને ગાળો આપી ઢીકાપાટુનો માર મારીને કાયદેસરની ફરજમાં રૂકાવટ ઉભી કરી હતી. તેમજ અન્ય એક એક્ટીવા ચાલકે જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી.




### અવસાન નોંધ

**સાવરકુંડલા**

ગં.સ્વ.મંજુલાબેન મધુભાઈ જેઠવા (ઉ.વ.૬૮)નું તા.૨૪/૦૭/૨૦૨૬ને શુક્રવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. તે મધુભાઈ નરશીભાઈ જેઠવાના પત્ની, દુલાભાઈ નરશીભાઈ જેઠવા, ભરતભાઈ નરશીભાઈ જેઠવાના ભાભી તથા વિપુલભાઈ મધુભાઈ જેઠવાના માતા તથા નિશાબેન વિપુલભાઈ જેઠવાના સાસુમા તથા કરણ વિપુલભાઈ જેઠવા અને ધ્રુવીક વિપુલભાઈ જેઠવાના દાદી તથા વર્ષાબેન રોજેશકુમાર ચોટલીયા અને મીનાબેન વસંતકુમાર મોરીના માતા થાય છે. તેમનુ સદગત બેસણુ તા. ૨૭/૦૭/૨૦૨૬ને સોમવારના રોજ સાંજે ૪:૦૦ થી ૬:૦૦ કલાકે અમારા નિવાસ સ્થાને મારૂતિ નગર, શેરી નંબર ૧, ધનબાપુના આશ્રમ પાસે સાવરકુંડલા ખાતે રાખેલ છે.

# અમરેલીના અમરપુર (વરૂડી)ની યુવતિ ઘરેથી ચાલી નીકળી

અમરેલી, તા.૨૬

અમરેલીના અમરપુર (વરૂડી)ની યુવતિ ઘરેથી ચાલી નીકળી હતી. આ અગે યુવતિના ભાઈ કિશનભાઈ નટુભાઈ સોલંકી (ઉ.વ.૩૧)એ જાહેર કર્યા મુજબ, તેની બહેન સપના (ઉ.વ.૧૯) સવારે ૪ થી ૬ વાગ્યા વચ્ચે ઘરેથી કોઈને કહ્યા વગર જતી રહી હતી. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ એન જાદવ વધુ તપાસ કરી રહ્યા છે.

### -// મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, ગીરગઢડા //-

નં. જન્મ-મરણ કેસ.નં. 71/2026 — તા. ૧૩/૦૭/૨૦૨૬

(૧) ખોડાભાઈ જાનાભાઈ કાતરીયા,
રહે. ધોકડવા, તા. ગીરગઢડા, જિ. ગીરસોમનાથ

...........અરજદાર

**વિરૂધ્ધ**

(૧) રજીસ્ટ્રારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, ધોકડવા, તા. ગીરગઢડા, જિ. ગીરસોમનાથ

.....સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીરગઢડા તાલુકાના **ધોકડવા** ગામના રહીશ ખોડાભાઈ જાનાભાઈ કાતરીયા તથા શાંતુબેન ખોડાભાઈ કાતરીયાના પુત્ર **શનિકુમાર ખોડાભાઈ કાતરીયા**નો જન્મ તારીખ **૧૫/૦૬/૧૯૯૯** ના રોજ **ગીરગઢડા** તાલુકાના **ધોકડવા** ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી, ધોકડવા, તાલુકો-ગીરગઢડા **સને-૧૯૯૯** ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે.આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદ્દત તા. ૨૩/૦૭/૨૦૨૬ ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા. ૧૩/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી**
**એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ગીરગઢડા**

### -// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ ઉનાની કોર્ટમાં //-

નં. જન્મ-મરણ કેસ-નં. 208/2026

પ્રતિ,
સંગીતાબેન મહેશભાઈ સોલંકી,
રહે. ખત્રીવાડા, ગામ-ખત્રીવાડા, તાલુકો-ઉના,
જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી, એમ. એ. બારૈયા, ઉના ...........અરજદાર

**-: વિરૂધ્ધ :-**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી, ખત્રીવાડા,
ગ્રામ પંચાયત કચેરી, ખત્રીવાડા, તા. ઉના, જિ. ગીરસોમનાથ .....સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ઉના તાલુકાના ખત્રીવાડા ગામના રહીશ મહેશભાઈ શંભુભાઈ સોલંકી તથા સંગીતાબેન મહેશભાઈ સોલંકીના પુત્ર આદિત્ય મહેશભાઈ સોલંકીનો જન્મ તારીખ ૨૮-૦૫-૨૦૧૦ ના રોજ ઉના તાલુકાના ખત્રીવાડા ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી, ખત્રીવાડા, તાલુકો-ઉના સને-૨૦૧૦ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા. ૨૫/૦૮/૨૦૨૬ ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૬/૦૭/૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી**
**(ડી.કે. ભીમાણી)**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ,**
**ઉના**

### મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર

**કોર્ટ રોડ, વિસાવદર**

નં. એમએજી/કેસ નં.૭૮/૨૦૨૬ — તા.૨૨/૦૭/૨૦૨૬

શ્રી ભગવાનભાઈ કાળુભાઈ જખવાડીયા,
રહે. હસનાપુર, તા. વિસાવદર

........અરજદાર

**-::વિરૂધ્ધ::-**

જન્મ-મરણ રજીસ્ટ્રાર અને રાઉન્ડ ફોરેસ્ટરશ્રી-રાજપરા,
તા. વિસાવદર, ઠે. રેન્જ ફોરેસ્ટ ઓફીસ, સતાધાર રોડ, હનુમાનપરા, વિસાવદર

.........સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, શ્રી ભગવાનભાઈ કાળુભાઈ જખવાડીયા, રહે. હસનાપુર, તા. વિસાવદર એ તેમના દાદીમાશ્રી અમૃતાબેન પ્રેમજીભાઈ જખવાણીયા નુ તા. ૧૪/૦૮/૧૯૮૯ ના રોજ વિસાવદર તાલુકાના હસનાપુર ગામ મુકામે અવસાન થયેલ છે, જેની નોંધ જન્મ-મરણ રજીસ્ટ્રાર અને રાઉન્ડ ફોરેસ્ટરશ્રી-રાજપરા, તા. વિસાવદર, ઠે. રેન્જ ફોરેસ્ટ ઓફીસ, સતાધાર રોડ, હનુમાનપરા, વિસાવદર ના જન્મ/મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ-મરણ રજીસ્ટ્રાર અને રાઉન્ડ ફોરેસ્ટરશ્રી-રાજપરા, તા. વિસાવદર, ઠે. રેન્જ ફોરેસ્ટ ઓફીસ, સતાધાર રોડ, હનુમાનપરા, વિસાવદર ના મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે.આ કામના સામાવાળા મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો સાથે તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૨૨ જુલાઈ ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

| તૈયાર કરનાર | | હુકમથી |
| --- | --- | --- |
| સહી. | કોર્ટનો સિક્કો | સહી. |
| (એન.જી.ધાંધલ્યા) | | (આર.એન.ખોડભાયા) |
| નાયબ મામલતદાર | | એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ |
| વિસાવદર | | વિસાવદર |

**દેવભૂમિ દેવળિયા, ચક્કરગઢ, મોટા ભંડારિયા, બાબાપુર, મેડી અને ચાડિયા સહિતના ગામમાં નીરના વધામણા**

# અમરેલીના ગ્રામ્ય વિસ્તારોમાં રાજ્યમંત્રી કૌશિક વેકરીયાએ નવા નીરના વધામણા કર્યા

અમરેલી,તા.૨૬

અમરેલી જિલ્લામાં ચાલુ ચોમાસાની સીઝનમાં થયેલા સાર્વત્રિક વરસાદના કારણે સ્થાનિક જળાશયો અને ગ્રામીણ તળાવોમાં વિપુલ પ્રમાણમાં નવા નીરની આવક થઈ છે. આ શુભ અવસરે રાજ્યના કાયદા અને ઊર્જા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ દેવભૂમિ દેવળિયા, ચક્કરગઢ, મોટા ભંડારિયા, બાબાપુર, મેડી અને ચાડિયા ગામે પહોંચીને ઉમંગભેર નવા નીરના વધામણા કર્યા હતા. સુજલામ સુફલામ જળસંચય અભિયાન અંતર્ગત અમરેલી, વડિયા અને કુંકાવાવના ૧૧૫ ગામોમાં જનભાગીદારીથી તળાવો ઊંડા કરવાની કામગીરી કરવામાં આવી હતી, જે આજે સાર્થક થતી જોવા મળી રહી છે. તળાવોમાં પાણી ભરાવાથી



ભૂગર્ભ જળસ્તર ઊંચા આવશે, જેનાથી ખેડૂતોને રવિ પાક અને ઉનાળુ ખેતી માટે સિંચાઈની ઉત્તમ સુવિધા મળશે અને



ગ્રામીણ અર્થતંત્ર મજબૂત બનશે.દેવભૂમિ દેવળિયા ખાતે મંત્રીએ જાહેરાત કરી હતી કે અહીં આવેલી ૬૭૦ વર્ષ જૂની ઐતિહાસિક 'અમૃતવર્ષી' વાવ અને શિવ ધામ પ્રવાસનનું નવું કેન્દ્ર બનશે. ગુજરાત સરકારના પ્રવાસન વિભાગ દ્વારા રૂ. ૨.૫૭ કરોડની ગ્રાન્ટથી આ પૌરાણિક વાવ અને શિવ મંદિરના સર્વાંગી વિકાસકાર્યો હાથ ધરાશે. પુરાતત્વ વિભાગના સર્વેક્ષણ અનુસાર, આ વાવ પોતાની કલાત્મક ડિઝાઈન અને પથ્થરના દરવાજાને કારણે અદ્ભુત સ્થાપત્ય ધરાવે છે.

આ ઉપરાંત મોટા ભંડારિયા ખાતે દાતાઓના સહયોગથી નિર્મિત ભવ્ય પ્રવેશદ્વારનું લોકાર્પણ કરાયું હતું. આ કાર્યક્રમમાં સતાધારના મહંત વિજયબાપુ, ધારાસભ્ય મહેશભાઈ કસવાલા સહિત સ્થાનિક પદાધિકારીઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# લીલીયામાં વરસાદી પાણી ભરાવાની સમસ્યાના કાયમી ઉકેલ માટે મહેશ કસવાલાની સ્થળ મુલાકાત

લીલીયા,તા.૨૬

લીલીયા શહેરના સાંઈનાથ પ્લોટ અને સિવિલ પ્લોટ વિસ્તારમાં ચોમાસા દરમિયાન સર્જાતી વરસાદી પાણી ભરાવાની ગંભીર સમસ્યાના કાયમી ઉકેલ માટે ધારાસભ્ય મહેશ કસવાલાએ સ્થળ મુલાકાત લીધી હતી. તેમણે રેલવે વિભાગ તેમજ



માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓ સાથે સંયુક્ત નિરીક્ષણ કરીને પાણી ભરાવાના મૂળ કારણોની સમીક્ષા કરી હતી. વરસાદી પાણીના ઝડપી નિકાલ માટેની હાલની વ્યવસ્થા અને તેમાં રહેલા અવરોધો અંગે અધિકારીઓ સાથે ચર્ચા કરવામાં આવી હતી. સ્થળ મુલાકાત દરમિયાન જિલ્લા પંચાયત સભ્ય જીગ્નેશ સાવજ સહિત સંબંધિત અધિકારીઓ હાજર રહ્યા હતા.

# અમરેલીમાં સાંસદ ભરતભાઈ સુતરીયાની ઉપસ્થિતિમાં 'મન કી બાત' કાર્યક્રમ યોજાયો

અમરેલી,તા.૨૬

અમરેલી ખાતે સાંસદ ભરતભાઈ સુતરીયાની પ્રેરક ઉપસ્થિતિમાં સ્થાનીય વેપારી અગ્રણીઓ સાથે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના લોકપ્રિય 'મન કી બાત' કાર્યક્રમનું સામુહિક પ્રસારણ નિહાળવામાં આવ્યું હતું. આ તકે મોટી સંખ્યામાં



ઉપસ્થિત વેપારીઓએ પ્રધાનમંત્રીનું બહુમૂલ્ય માર્ગદર્શન મેળવ્યું હતું.પોતાના સંબોધનમાં પ્રધાનમંત્રીએ દેશના આર્થિક અને સર્વાંગી વિકાસમાં વેપારી સમાજની મહત્વપૂર્ણ ભૂમિકાને બિરદાવી હતી. સાંસદ ભરતભાઈ સુતરીયાએ પણ વેપારીઓને સ્થાનિક ઉત્પાદનોને પ્રોત્સાહન આપી 'વોકલ ફોર લોકલ' અભિયાનને વેગવંતું બનાવવા આહ્વાન કર્યું હતું.

# ધારીના દેવળા ગામે જનરલ સ્ટોરના છાપરા નીચે ઊભેલા વાછરડાનો સિંહે કર્યો શિકાર

ધારી,તા.૨૬

અમરેલી જિલ્લાના ધારી તાલુકાના દેવળા ગામ નજીક વરસાદી માહોલ વચ્ચે સિંહે વાછરડાનો શિકાર કરવાની ઘટના સામે આવી છે. ગામમાં આવેલા એક જનરલ સ્ટોર્સના છાપરા નીચે આશ્રય લઈ ઊભેલા વાછરડા પર સિંહે અચાનક હુમલો કરી તેને મારી નાખ્યું હતું. ગણતરીની સેકન્ડોમાં જ સિંહ દ્વારા કરવામાં આવેલા આ શિકારની સમગ્ર ઘટના દુકાનમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ



થઈ ગઈ હતી. હાલ આ લાઈવ શિકારનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં સમગ્ર ધારી પંથકના ગ્રામજનો અને પશુપાલકોમાં ભારે દહેશત વ્યાપી ગઈ છે.

# અમરેલીમાં પતિએ પત્નીને ગાળો આપી ઘરેથી કાઢી મુકી

અમરેલી, તા.૨૬

અમરેલીમાં રહેતા એક મહિલાને તેના પતિએ ઢીકાપાટુનો મુંઢ માર માર્યો હતો અને પહેરેલા કપડાંએ ઘરેથી કાઢી મુકી હતી. આ અંગે દેવિકાબેન નિલેશભાઈ શેલડીયા (ઉ.વ.૨૬)એ પતિ નિલેશભાઈ જગદીશભાઈ શેલડીયા, સાસુ મંજુલાબેન, સસરા જગદીશભાઈ શેલડીયા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમના લગ્નની તા.૨૫/૧૧/૨૦૨૫ થી તા.૨૦/૧૨/૨૫ દરમ્યાન આરોપીઓએ અવાર નવાર ઘરકામ બાબતે તેમજ અન્ય બાબતોમાં મેણાટોણા મારી શારીરિક માનસિક દુઃખ ત્રાસ આપ્યો હતો. પતિએ ગાળો આપી, ઢીકાપાટુનો મુંઢમાર મારી, જાનથી મારી નાખવાની ધમકી આપી ઘરેથી પહેરેલા કપડે કાઢી મુકી હતી. અમરેલી મહિલા પોલીસ સ્ટેશનના પી આઈ જે આર સરવૈયા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલી તાલુકાની શાળાઓમાં 'પી.એમ. પોષણ યોજના' હેઠળ રસોઈયાની ભરતી

**ફોર્મ તા. ૩૧ જુલાઈ, ૨૦૨૬ સુધીમાં જમા કરવવાનું રહેશે**

અમરેલી,તા.૨૬

પી.એમ. પોષણ (મધ્યાહન ભોજન) યોજના અંતર્ગત અમરેલી તાલુકાના ચક્કરગઢ, મોટા માંડવડા, સાંગાડેરી અને વરસડા પ્રાથમિક શાળાના કેન્દ્રો ખાતે માનદ વેતનથી રસોઈયાની આવશ્યકતા હોઈ ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

૨૦ થી ૬૦ વર્ષની વયમર્યાદા ધરાવતા પાત્ર ઉમેદવારોએ રાજમહેલ કેમ્પસ સ્થિત તાલુકા મામલતદાર કચેરીની મધ્યાહન ભોજન શાખામાંથી નિયત અરજી ફોર્મ મેળવી લેવાનું રહેશે. ઉમેદવારોએ જરૂરી વિગતો અને આધાર-પુરાવાઓ સાથેનું ફોર્મ તા. ૩૧ જુલાઈ, ૨૦૨૬ ના રોજ બપોરે ૨:૦૦ વાગ્યા સુધીમાં મામલતદાર કચેરીની ટપાલ શાખામાં જમા કરાવવાનું રહેશે.જાહેર રજા સિવાયના દિવસોમાં કચેરી સમય દરમિયાન આ ફોર્મ સ્વીકારવામાં આવશે. વધુ વિગતો માટે મામલતદાર કચેરી (ગ્રામ્ય), અમરેલીનો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: તેરસ
તા.૨૭-૦૭-૨૦૨૬, સોમવાર, સૂર્યોદય-૦૬:૧૨,
સૂર્યાસ્ત-૦૭:૧૯, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: પૂર્વાઅષાઢા

## દૈનિક રાશિફળ

તા.૨૭-૦૭-૨૦૨૬ સોમવાર

મેષ: આજનો દિવસ તમને ખુશી અને શાંતિ આપશે. દિવસની શરૂઆતમાં તમે ખાલીપો અનુભવશો.

વૃષભ: કાલ્પનિક દુનિયા છોડવાના ફાયદા અને ગેરલાભ તમારી માનસિકતા પર આધારિત છે.

મિથુન: આજે પણ સંજોગો તમારી તરફેણમાં રહેવાથી લાભની ઘણી તકો મળશે. રોકાણ માટે દિવસ ખૂબ જ શુભ છે.

કર્ક: આજે ચઢાવ-ઉતારનો દિવસ રહેશે. અસામાન્ય સ્વાસ્થ્યને કારણે શારીરિક નબળાઇનો અનુભવ થશે.

સિંહ: સરળતાથી સ્પર્ધકો પર જીત મેળવશો. કાર્યક્ષેત્રમાં પણ દિવસ પ્રસન્નતાનો રહેશે, ભૂતકાળમાં કરેલી મહેનતનું ફળ મળવાનું શરૂ થશે.

કન્યા: છેલ્લા કેટલાક દિવસો કરતાં આજનો દિવસ સારો રહેશે. આજે કાર્યમાં ઉત્સાહ રહેશે. અટકેલા કામ ઓછા પ્રયત્નોથી પૂર્ણ થશે.

તુલા: આજનો દિવસ તમારી પરીક્ષા જેવો છે. તમે સખત મહેનત સાથે જે પણ કરો છો તે ખૂબ સારા પરિણામ લાવશે.

વૃશ્ચિક: આજે તમારો દિવસ સામાન્ય કરતા સારો રહેશે. તમારી મહત્વાકાંક્ષાઓની પરિપૂર્ણતા તમને દિવસભર ખુશ રાખશે.

ધન: તમારા સાથીઓ હળવા મૂડમાં રહેશે અને પહેલા કરતાં વધુ કામ કરવાની તેમની ઇચ્છા વ્યક્ત કરશે.

મકર: આજે તમે સામાજિક કાર્ય દ્વારા કેટલાક ઉદ્દેશ પ્રાપ્ત કરશો. ઓફિસનું વાતાવરણ કાર્ય માટે યોગ્ય રહેશે.

કુંભ: આજે દિવસભર નરમ સ્વાસ્થ્ય હોવાને કારણે શારીરિક ક્ષમતાઓ ઓછી રહેશે.

મીન: મિત્રો અને સંબંધીઓ સાથે લાંબી મુસાફરીનું આયોજન કરવામાં આવશે, ઘરમાં કોઈના આગ્રહને પરિપૂર્ણ કરવાને કારણે નાના ખર્ચ પણ થશે.

# સાવરકુંડલામાં ઉર્સ મુબારકમાં મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરો ઉમટ્યા

સાવરકુંડલા,તા.૨૬

સાવરકુંડલામાં પીર સરકાર સૈયદ ગુલામ અલી બાપુ કાદરી ફાતિમી અને પીર સૈયદ મોહમ્મદ દાદા બાપુ કાદરી ફાતિમીનો ઉર્સ મુબારક ગુરુવારે ઉજવવામાં આવ્યો હતા. આ નિમિત્તે સવારે જોહરની નમાજ સુધી કુરાન ખાની અને ફાતિયા ખાની બાપુસાહેબના મજાર ઉપર રાખવામાં આવી હતી.



ત્યારબાદ શહેર તથા આવનાર મહેમાનો માટે નિયાજનો પ્રોગ્રામ રાખવામાં આવ્યો હતો. બપોર ઓરતોનો પ્રોગ્રામ એસએમજીકે સંકુલમાં રાખવામાં આવ્યો હતો. રાત્રે ઈશાની નમાઝ બાદ નાત શરીફ અને તકરીર પ્રોગ્રામ રાખવામાં આવ્યો હતો. આ સાથે શિક્ષણ ક્ષેત્રે ઊંચ ડીગ્રી પ્રાપ્ત કરનાર તેમજ ઓર્થોપેડિક સર્જન જેવી મેડિકલ ડીગ્રી પ્રાપ્ત કરનારને મહેમાનોના હસ્તે ગોલ્ડ મેડલ આપી નવાજવામાં આવ્યા હતા. ૨૦૨૬માં જે લોકોએ હજ મુબારકની સફર કરી હોય તેવા હાજી સાહેબનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

# અમરેલીમાંથી ૫ જુગારી રોકડા રૂ. ૨૧,૧૭૦ સાથે ઝડપાયા

અમરેલી, તા.૨૬

અમરેલીમાં વાંજાવાડની ગલીમાં જાહેરમાં જુગાર રમતાં ૫ ઈસમોને પોલીસે રોકડા રૂ. ૨૧,૧૭૦ના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા હતા. હુશેનભાઈ લતીફભાઈ કુરેશી, શબીરભાઈ કાદરભાઈ કુરશી, હનીફભાઈ મહંમદભાઈ રફાઇ, મોફીજ નસીરભાઈ મોગલ તથા હુશેનભાઈ અબુદભાઈ કશીરી જાહેરમાં તીનપત્તીનો હારજીતનો જુગાર રમતાં ઝડપાયા હતા.

# ખાંભા ખડાધાર ચેક પોસ્ટ પરથી કેફી પીણું પીને ઈનોવા ચલાવતો રાજકોટનો વેપારી ઝડપાયો

ખાંભા, તા.૨૬

ખાંભા ખડાધાર ચેક પોસ્ટ પરથી કેફી પીણું પીને ઈનોવા ચલાવતો રાજકોટનો વેપારી ઝપાયો હતો. સંજયભાઈ અરજણભાઈ પાંભર ખાંભા ખડાધાર ચેક પોસ્ટ પરથી ઈનોવા ચલાવતા ઝડપાયો હતો. પોલીસે ૧૨,૦૦,૦૦૦ની કાર જપ્ત કરી કાર્યવાહી કરી હતી. જિલ્લામાં વિવિધ સ્થળેથી ૧૮ પ્યાસી ઝડપાયા હતા. જિલ્લામાં ચાર મહિલા સહિત ૧૧ ઈસમો પાસેથી પીવાનો દેશી દારૂ મળ્યો હતો.

# અમરેલીના મોટા આંકડીયા ગામે પરિણીતાને લગ્ન બાદ સંતાન ન થતાં ગાળો આપી

અમરેલી, તા.૨૬

અમરેલીના મોટા આંકડીયા ગામે રહેતી એક પરિણીતાને લગ્ન બાદ સંતાન ન થતાં સાસરિયાએ ત્રાસ આપ્યો હતો. બનાવ અંગે નેહાબેન મયુરભાઈ માધડ (ઉ.વ.૨૩)એ પતિ મયુરભાઈ, સાસુ રમીલાબેન, સસરા દિનેશભાઈ, દિયર જયદિપભાઈ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ સાસુએ ઘરનું કામકાજ બાબતે ભુંડી ગાળો આપી બોલાચાલી કરી હતી. જે બાબતે પતિને સારૂ નહીં લાગતા, તેમના બા વિશે તુંકારો કરી, ભુંડી ગાળો આપી, વાંસાના ભાગે બે ત્રણ પાટલીના ઘા મારી, મુંઢ ઈજા કરી હતી. સસરા-દિયરે પણ ભુંડી ગાળો આપી, મારી નાખવાની ધમકી આપી હતી. સાસુ-સસરાએ તેમને સંતાન ન હોવાના લીધે અવારનવાર મેણા ટોણા મારી, શારીરીક માનસિક ત્રાસ આપ્યો હતો. અમરેલી પોલીસ સ્ટેશનના એએસઆઈ વી વી ડાભી વધુ તપાસ કરી રહ્યા છે.

**વાંસાના ભાગે પાટલીના ઘા મારી મુંઢ ઈજા કરી**

# લીલીયા મોટામાં વરસાદથી ખેતીને થયેલા નુકસાન અને ભાંભળી નદીના પ્રશ્ને ધારાસભ્યને રજૂઆત

લીલીયા,તા.૨૬

લીલીયામોટા વિસ્તારમાં તાજેતરમાં પડેલા ભારે વરસાદને કારણે આ તાલુકાના અનેક ગામોમાં ખેડૂતોના ઊભા પાકને ભારે નુકસાન થયું છે. આ અંગે નાના લીલીયા તાલુકા પંચાયતના સદસ્ય રાણજીતભાઈ ખૂમાણે સાવરકુંડલા-લીલીયાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાને પત્ર પાઠવી લેખિત રજૂઆત કરી છે. તેમણે રજૂઆતમાં જણાવ્યું છે કે, નાના લીલીયા, લોકી, વાઘણીયા, પીપળવા સહિતના ગામોમાં ભારે વરસાદને કારણે ખેડૂતોના પાકને વ્યાપક નુકસાન થયું છે. અનેક ખેતરોમાં વરસાદી પાણી ભરાઈ જતાં ખેતીને ભારે અસર પહોંચી છે. તેથી તાત્કાલિક સર્વે કરીને અસરગ્રસ્ત ખેડૂતોને યોગ્ય વળતર અને આર્થિક સહાય આપવામાં આવે તેવી માંગ છે. આ ઉપરાંત શેલ નદીમાંથી નાના લીલીયા તરફ આવતી ભાંભળી નદીમાં વરસાદમાં વારંવાર પાણી ભરાવાની સમસ્યા સર્જાય છે, જેથી ખેડૂતોને મુશ્કેલીનો સામનો કરવો પડે છે. આ સમસ્યાના કાયમી નિરાકરણ માટે ભાંભળી નદીને ઉંડી ઉતારવા અને પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા કરવા અને ડ્રેનેજ સિસ્ટમ ઉભી કરવાની પણ રજૂઆત કરવામાં આવી છે.

## તંત્રી લેખ

# વિજ્ઞાનના અંધકારમય રહસ્યો અને મહાસત્તાની મજબૂરી

વિજ્ઞાન હંમેશાં માનવજાતને અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જવાનું માધ્યમ રહ્યું છે, પરંતુ જ્યારે વિજ્ઞાનના સર્જકો જ અંધકારમાં વિલીન થઈ જાય, ત્યારે સમગ્ર માનવ સભ્યતા અને સુરક્ષા વ્યવસ્થા સામે મોટા પ્રશ્નાર્થ ચિહ્ન ઊભા થાય છે. તાજેતરમાં અમેરિકાના સંરક્ષણ, ક્વોન્ટમ કમ્પ્યુટિંગ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) જેવા સંવેદનશીલ ક્ષેત્રો સાથે જોડાયેલા ટોપ-૧૦ વૈજ્ઞાનિકોનું એક પછી એક રહસ્યમય રીતે ગાયબ થવું એ માત્ર એક સંયોગ નથી, પરંતુ એક ઘેરા અને ભયાનક આંતરરાષ્ટ્રીય ષડયંત્ર તરફ ઈશારો કરે છે. આ ઘટનાએ વૈશ્વિક સ્તરે સનસનાટી મચાવી દીધી છે અને સુપરપાવર ગણાતા અમેરિકાની ગુપ્તચર એજન્સીઓની ઊંઘ હરામ કરી દીધી છે. જે ૧૦ વૈજ્ઞાનિકો ગાયબ થયા છે, તેઓ કોઈ સામાન્ય સંશોધકો નહોતા. તેમાંના કેટલાક પેન્ટાગોન (અમેરિકાનું સંરક્ષણ મંત્રાલય) ના અત્યંત ગુપ્ત પ્રોજેક્ટ્સ પર કામ કરી રહ્યા હતા, તો કેટલાક સ્પેસ ટેકનોલોજી અને એડવાન્સ બાયોલોજીકલ વેપન્સ (જૈવિક હથિયારો) ના નિષ્ણાતો હતા. વિચારવા જેવી બાબત એ છે કે આ વૈજ્ઞાનિકો અલગ-અલગ શહેરોમાંથી, અલગ-અલગ સમયે પરંતુ એક ચોક્કસ પેટર્ન હેઠળ ગાયબ થયા છે. કોઈ પોતાની લેબોરેટરીમાંથી રાત્રે ઘરે જવા નીકળ્યા બાદ ક્યારેય પહોંચ્યું જ નથી, તો કોઈ હાઈ-સિક્યોરિટી ફ્લાઈટમાં બોર્ડિંગ કર્યા પછી રહસ્યમય રીતે ગાયબ થઈ ગયું છે. આ સ્તરનું ઓપરેશન કોઈ સામાન્ય ગુનેગાર કે ગેંગનું કામ હોઈ શકે નહીં. આની પાછળ કોઈ અત્યંત સંગઠિત, સંસાધન-સંપન્ન અને આધુનિક ટેકનોલોજીથી સજ્જ શક્તિનો હાથ હોવો અનિવાર્ય છે. ગુપ્ત પ્રોજેક્ટ્સ અને 'બ્લેક સાઈટ્સ'. એક અંદરની થિયરી એવી પણ છે કે આ વૈજ્ઞાનિકો કોઈ એવા અત્યંત સંવેદનશીલ કે ઘાતક સંશોધન સ્તર પર પહોંચી ગયા હતા, જે જો જાહેર થાય તો વૈશ્વિક અરાજકતા ફેલાઈ શકે. શક્ય છે કે ખુદ અમેરિકી સરકારે જ સુરક્ષાના કારણોસર અથવા કોઈ અત્યંત ગુપ્ત મિશન માટે આ વૈજ્ઞાનિકોને દુનિયાની નજરોથી દૂર કોઈ અજ્ઞાત લોકેશન કે 'બ્લેક સાઈટ' પર શિફ્ટ કરી દીધા હોય અને તેમના ગાયબ થવાનું નાટક રચ્યું હોય. અબજો ડોલરની ફાર્માસ્યુટિકલ અને ડિફેન્સ કંપનીઓ વચ્ચેની સ્પર્ધા પણ આની પાછળ હોઈ શકે. ડાર્ક વેબ પર ટેકનોલોજી અને માનવ મગજની બોલી લાગે છે. લશ્કરી રહસ્યો વેચવા અથવા પરાણે કઢાવવા માટે આ વૈજ્ઞાનિકોને નિશાન બનાવવામાં આવ્યા હોય તેવી આશંકા નકારી શકાતી નથી. અમેરિકાના આ ૧૦ વૈજ્ઞાનિકોનું ગાયબ થવું એ માત્ર એક દેશની સમસ્યા નથી, પરંતુ સમગ્ર વિશ્વ માટે લાલ બત્તી સમાન છે. આ ઘટનાએ સાબિત કર્યું છે કે ૨૧મી સદીમાં જ્ઞાન એ જ સૌથી મોટું હથિયાર છે અને તેની ચોરી કે અપહરણ વૈશ્વિક સંતુલનને બગાડી શકે છે. હવે સમય આવી ગયો છે કે વૈશ્વિક સ્તરે વૈજ્ઞાનિકોની સુરક્ષા માટે કડક આંતરરાષ્ટ્રીય કાયદા બને. સંયુક્ત રાષ્ટ્ર (UN) અને અન્ય આંતરરાષ્ટ્રીય સંગઠનોએ આ મામલામાં હસ્તક્ષેપ કરવો જોઈએ. જો અમેરિકા આ રહસ્ય પરથી પડદો નહીં ઉઠાવી શકે, તો તે વિશ્વ સમક્ષ પોતાની શાખ ગુમાવશે અને ભવિષ્યમાં આવા 'ટેકનોલોજીકલ અપહરણો' સામાન્ય બની જશે, જે માનવજાતને વિનાશ તરફ દોરી જશે.

# "સંઘના કારણે વિવિધ જાતિઓ અને સંપ્રદાયોના પ્રમુખો સાથે બેસીને વિચારોની આપ લે કરે એ ઉત્તમ એકતાનું ઉદાહરણ છે" : સુદર્શનજી - (પુષ્પ :૩૧)



રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા ઈ.સ. ૨૦૦૬ નું વર્ષ શ્રી ગુરુજીના જન્મશતાબ્દી વર્ષ તરીકે ઉજવવામાં આવ્યું. સામાજિક સમરસતાને કેન્દ્રીય વિષય બનાવીને દેશભરમાં એ મુજબ ઘણા કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ કરવામાં આવી. શ્રી સુદર્શનજીએ આ જન્મશતાબ્દી વર્ષની સમીક્ષા કરી અને દેશમાં બની રહેલી ઘટનાઓ પર ચર્ચા પણ કરી. આ પૃષ્ઠભૂમિ સામે ઈ.સ. ૨૦૦૭ ના વિજયાદશમીના ઉત્સવ દરમિયાન શ્રી સુદર્શનજીએ કહ્યું હતું કે, "ગયા વર્ષે પૂજ્ય ગુરુજીના જન્મશતાબ્દી વર્ષમાં આપણે આનો અનુભવ કર્યો છે જ્યારે વિવિધ જાતિઓ અને સંપ્રદાયોના પ્રમુખો સંઘના આહવાન પર એકઠા થયા હતા. પરંતુ એ વાત પર પણ ખુશી વ્યક્ત કરી હતી કે સંઘના કારણે વિવિધ જાતિઓ અને સંપ્રદાયોના પ્રમુખો સાથે બેસીને વિચારોની આપ લે ચર્ચા કરી શક્યા. જેથી તેઓ ઉચ્ચ અને નીચના ભેદભાવ વિના સાથે ભોજન પણ ખાઈ શકે. તેમણે ભવિષ્યમાં પણ આવા કાર્યક્રમો ચાલુ રહે તેવી ઈચ્છા વ્યક્ત કરી. ઘણા બૌધ્ધિકો વિદ્વતાપૂર્ણ કાર્યક્રમમાં ભેગા થયા અને હિન્દુ સમાજની આંતરિક સમસ્યાઓ, તેના પરના બાહ્ય હુમલાઓ અને તેના ઉકેલ માટેના પગલાં વિશે ચર્ચા કરી. જિલ્લા અને પ્રખંડ સ્તરે પણ વિશાળ હિન્દુ સંમેલન યોજાયા હતા.

## વિચારપૂંજ

સંકલન - હું એક સામાન્ય સ્વયંસેવક
(રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અમરેલી જિલ્લો)

પરંતુ સંઘ ફક્ત આટલાથી સંતુષ્ટ નથી. સંઘ ઈચ્છે છે કે સમાજ માત્ર જાગૃત અને આત્મસન્માનથી ભરેલો ન બને પણ તેના પર આવતી આફતોનો સ્વયંભૂ ઉર્જાથી પ્રતિકાર પણ કરે. આ પરિસ્થિતિ હાંસલ કરવા માટે વધુ પ્રયત્નોની જરૂર પડશે. હાલમાં સમાજ કટોકટીનો અનુભવ કરી રહ્યો છે પરંતુ તેનો સામનો કરવા માટે કોઈની તરફ જુએ છે અને તેની પાસેથી પહેલની અપેક્ષા રાખે છે. આ પરિસ્થિતિ દૂર થવી જોઈએ અને એવું થવું જોઈએ કે ભલે તે નાના જૂથોમાં હોય તેમણે પોતાનો અવાજ ઉઠાવવો જોઈએ તથા દરેક ગામ અને વિસ્તારમાંથી અવાજ ઉઠાવવો જોઈએ. ૧૨ સપ્ટેમ્બરના રોજ આપણે આની ઝલક જોઈ જ્યારે લોકોએ રામસેતુના રક્ષણ માટે સવારે ૮ થી ૧૧ વાગ્યા સુધી દેશવ્યાપી ચક્કાજામ(નાકાબંધી) આંદોલનને સફળ બનાવ્યું. જેમ જેમ સમાજ જાગૃત્ત થઈ રહ્યો છે તેમ તેમ તેની કસોટી કરવાના માર્ગ તરીકે તેના પરના હુમલાઓ પણ વધુ તીવ્ર બની રહ્યા છે. તેથી સતત જાગૃત્તિ આજે એક જરૂરિયાત બની ગઈ છે. આજે વેદોના સંદેશ "રાષ્ટ્રે જાગૃયમ્ વયમ્"ને સાકાર કરવાની જરૂર છે.

હકીકતમાં સામ્યવાદીઓના દબાણ હેઠળ ભારત સરકારે સુપ્રીમ કોર્ટમાં સોગંદનામું રજૂ કર્યું. જેમાં તેણે ભગવાન રામના અસ્તિત્વનો ઈનકાર કર્યો. ફક્ત ભારત જ નહીં પરંતુ વિશ્વભરમાં ફેલાયેલા લાખો હિન્દુઓ આનાથી ખૂબ જ દુઃખી છે. આ આપણા રાષ્ટ્રની ઓળખનો ઈનકાર છે. પ્રખ્યાત સમાજવાદી નેતા સ્વ. ડૉ. રામ મનોહર લોહિયાને આ નકસલવાદી ધર્મનિરપેક્ષ લોકો પણ સંકુચિત કે પ્રતિગામી કહી શકતા નથી. તેમના એક પ્રખ્યાત ભાષણમાં તેમણે કહ્યું હતું કે 'રામ, કૃષ્ણ અને શિવ ભારતની ઓળખ છે. રામે ઉત્તરને દક્ષિણ સાથે જોડ્યું જ્યારે કૃષ્ણએ પશ્ચિમને પૂર્વ સાથે જોડ્યું અને શિવ ભારતમાં દરેક જગ્યાએ પરોપકારી સ્વરૂપમાં હાજર છે.' જે લોકો ભગવાન રામની ઐતિહાસિકતા પર પ્રશ્ન ઉઠાવી રહ્યા છે તેમણે ડૉ. રામાવતાર શર્મા (આયકર વિભાગમાં સહનિર્દેશક પદ પર કાર્યરત) દ્વારા કરવામાં આવેલા સંશોધનમાંથી પ્રેરણા લેવી જોઈએ. જેમણે પોતાનું જીવન શ્રી રામ જયાં જંગલમાં ગયા હતા તે સ્થાનોની શોધમાં વિતાવ્યું. ૨૪ વર્ષમાં ૨૧૪ વિસ્તારો શોધાયા છે. આ સાથે ઋષિ વિશ્વામિત્ર સાથે જનકપુર સુધીના ૨૩ સ્થળોની વિગતો પણ રજૂ કરવામાં આવી છે. જ્યાં જ્યાં શ્રી રામના પગલાંના નિશાન પડ્યા છે ત્યાં હાલના મંદિરો, તળાવો, નદીઓ, ઘાટ, ઝૂંપડીઓ વગેરેના ચિત્રો અને નકશાઓનું પ્રદર્શન પણ તૈયાર કરવામાં આવ્યું છે. ડૉ. રામાવતારના જીવનમાં આ સાધનાનું પરિણામ એ બધા લોકોના મોઢા પર એક કડક થપ્પડ છે જેઓ શ્રી રામના અસ્તિત્વનો ઈનકાર કરી રહ્યા છે. આપણે પોતાને લોકશાહી દેશ કહીએ છીએ પણ આ કેવા પ્રકારની લોકશાહી છે જ્યાં એક તરફ વૈજ્ઞાનિકો, ખગોળશાસ્ત્રીઓ, પુરાતત્વવિદો, ભૂસ્તરશાસ્ત્રીઓ, પર્યાવરણવિદો વગેરે સહિત સમગ્ર જનતા રામસેતુના અસ્તિત્વને નકારી રહ્યા છે. તો બીજી તરફ કેન્દ્રીય મંત્રી બાલુ અને તમિલનાડુના મુખ્યમંત્રી કરુણાનિધિ બધાના મંતવ્યોને ઠોકર મારીને પોતાની તાનાશાહી ચલાવવા માટે તૈયાર છે? શું આવા મંત્રીને મંત્રીમંડળમાં રહેવાનો અધિકાર છે?

એવું નથી કે ફક્ત હિન્દુઓને તેમના ધાર્મિક સ્થળોને જ નિશાન બનાવવામાં આવી રહ્યા છે. ૧૧ ઓક્ટોબરે શું થયું? અજમેર શરીફમાં રોજા ઈફ્તાર પછી બોમ્બ વિસ્ફોટ થયો. જેમાં બે લોકોના મોત થયા અને ૨૦ ઘાયલ થયા. આ પહેલાં પણ સમજતા એક્સપ્રેસ અને માલેગાંવ, હૈદરાબાદ અને ઔરંગાબાદની મસ્જિદોને નિશાન બનાવવામાં આવ્યા હતા. જે મૃત્યુ પામેલા અને ઘાયલ થયેલા લોકો ફક્ત મુસ્લિમો હતા અને તાજેતરમાં ૧૭ ઓક્ટોબરના રોજ વર્ધામાં બે ઉદ્યોગપતિઓ જેમને ભેટ તરીકે પાર્સલ મળ્યા હતા તેઓ પણ મુસ્લિમ હતા. ઉપરથી તો સીટી વગાડવાનું મશીન દેખાતું હતું પણ તેની અંદર ૩૬ વિસ્ફોટકો મૂકવામાં આવ્યા હતા. જે જો ફૂટ્યા હોત તો ૨૦૦ મીટરના વિસ્તારમાં વિનાશ મચાવ્યો હોત. આનાથી એક વાત સાબિત થાય છે કે તે આતંકવાદીઓ હિન્દુ હોય કે મુસ્લિમ, ખ્રિસ્તી હોય કે પોતાને શીખ કહેનારા હોય તેમનો કોઈ ધર્મ નથી હોતો. ઉદાહરણો તો ઘણા આપી શકાય પણ પ્રશ્ન એ છે કે શું સરકાર આતંકવાદનો સામનો કરવા માટે ગંભીર છે? જો હા તો તાત્કાલિક કડક કાયદા બનાવવા જોઈએ. બીજી સમસ્યા રાષ્ટ્રીય હિતને અવગણીને કહેવાતા લઘુમતીઓનું તૃષ્ટિકરણ છે. સૌ પ્રથમ આપણા દેશના મુસ્લિમો, ખ્રિસ્તીઓ, બૌધ્ધો અને શીખોને લઘુમતી કહેવા એ બ્રિટિશોની ભાગલા પાડો અને રાજ કરો'ની નીતિનું વિસ્તરણ છે. લઘુમતી એ એક માનવજૂથ છે જે બીજા દેશમાંથી આ દેશમાં સ્થળાંતર કરીને આવ્યા છે અને તેના મૂળ આ દેશમાં નથી. તેથી તેને કેટલાક અધિકારો આપવા યોગ્ય હોઈ શકે છે. આ દ્રષ્ટિકોણથી આ દેશમાં ફક્ત યહૂદીઓ અને પારસીઓને જ લઘુમતી કહી શકાય. સુપ્રીમ કોર્ટે ઘણી વખત અનુસૂચિત જાતિઓને અને તે જાતિઓમાંથી ધર્માંતરિત થયેલા લોકોને બંધારણ દ્વારા આપવામાં આવેલ અનામતનો વિસ્તાર કરવાની માગ કરતી જાહેર હિતની અરજીઓને ફગાવી દીધી છે. તેમણે સ્પષ્ટતા કરી કે હિન્દુ સમાજમાં પ્રવર્તતા જાતિ ભેદભાવને કારણે થતી સામાજિક અપંગતાને દૂર કરવા માટે અનામતની જોગવાઈ કરવામાં આવી છે. કોઈ વ્યક્તિ હિન્દુમાંથી મુસ્લિમ કે ખ્રિસ્તી બને કે તરત જ તે હિન્દુ સમાજની જાતિ વ્યવસ્થામાંથી બહાર નીકળી જાય છે. લોકોને ધર્માંતરિત કરવા માટે ખ્રિસ્તી પાદરીઓ દલીલ કરે છે કે ખ્રિસ્તી સમાજમાં કોઈ ભેદભાવ નથી. શું ખ્રિસ્તી ધર્મના પ્રમુખ આ જાહેર કરી શકશે કે તેમના ધર્મમાં જાતિ ભેદભાવ છે? આ સંદર્ભમાં ભારત સરકારનું અધિનિયમ ૧૯૩૫ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ આદેશ ૧૯૫૦ અને તે પછી આજ સુધી જારી કરાયેલા આદેશો ખૂબ જ સ્પષ્ટ છે. ધર્માંતરણ એ હિંદુ સંસ્કૃતિ અને હિંદુ પરંપરાઓ પર અતિક્રમણ કરવાનો એક સરળ રસ્તો બની ગયો છે. વનવાસી લોકો અને અનુસૂચિત જૂથો મોટી સંખ્યામાં ધર્માંતરિત થાય છે. જે લોકો તેનો વિરોધ કરે છે તેઓને રસ્તામાં કાંટાની જેમ દૂર કરી નાખે છે. કંધમાલની ઘટના પછી આ ચોકાવનારું સત્ય પ્રકાશમાં આવ્યું છે. આ પૃષ્ઠભૂમિમાં દરેક હિન્દુએ હિન્દુ સમાજને ઝડપી ગતિએ સંગઠિત કરવા અને ભારત માતાને વિશ્વગુરુ તરીકે સ્થાપિત કરવા માટે જાગૃત્ત થવું પડશે. અને આ માટે સંઘના કાર્યને વધુ વ્યાપક અને ગતિશીલ બનાવવું પડશે." આ રીતે સુદર્શનજીએ પોતાના બૌધ્ધિકમાં ભારતની સાંપ્રત પરિસ્થિતિના સંદર્ભે પોતાના આગવા વિચારો વ્યકત કર્યા હતા.

# અભિવ્યક્તિની કુશળ શક્તિ જીવનની ઉત્તમ કલા છે

માનવીને ઈશ્વરે અનેક અમૂલ્ય ભેટો આપી છે. બુધ્ધિ, વિચારશક્તિ, લાગણી અને વાણી. એમાં વાણી સૌથી વિશિષ્ટ છે. પરંતુ માત્ર વિચાર હોવો પૂરતો નથી; તે વિચારને યોગ્ય સમયે, યોગ્ય રીતે અને યોગ્ય શબ્દોમાં વ્યક્ત કરવાની આવડત જ જીવનને સફળ બનાવે છે. એટલે જ કહેવાય છે કે "અભિવ્યક્તિની કુશળ શક્તિ જીવનની ઉત્તમ કલા છે."

ઘણા લોકો જ્ઞાનથી ભરપૂર હોય છે, પરંતુ પોતાની વાત સ્પષ્ટ રીતે રજૂ કરી શકતા નથી. બીજી તરફ કેટલાક લોકો સામાન્ય જ્ઞાન ધરાવતા હોવા છતાં પોતાની અભિવ્યક્તિની કળાથી સૌના મન જીતી લે છે. જીવનમાં સફળતા માત્ર પ્રતિભાથી જ મળતી નથી, પરંતુ પોતાની પ્રતિભાને દુનિયા

સમક્ષ અસરકારક રીતે રજૂ કરવાની ક્ષમતાથી મળે છે. મનમાં રહેલા વિચારોની સુગંધ ત્યારે જ પ્રસરે છે જ્યારે તે યોગ્ય શબ્દો દ્વારા વ્યક્ત થાય. મૌન ઘણી વખત મહાન હોય છે, પરંતુ જ્યાં સત્ય, પ્રેમ અને પ્રેરણાના શબ્દોની જરૂર હોય ત્યાં મૌન પણ એક પ્રકારની નિષ્ફળતા બની જાય છે.

કબીરજી એ કહ્યુ છે:"એસી વાણી બોલીએ, મન કા આપા ખોય,

ઔરન કો શીતલ કરે, આપહું શીતલ હોય."

મીઠા શબ્દોની તાકાત તલવાર કરતાં વધુ હોય છે. કડવા શબ્દો ઘા આપે છે, જ્યારે મધુર શબ્દો ઘાવ ભરી પણ શકે છે. એક શિક્ષકનો ઉત્સાહભર્યો શબ્દ વિદ્યાર્થીનું ભવિષ્ય બદલી શકે છે. માતાની હિંમત આપતી વાણી સંતાનમાં આત્મવિશ્વાસ જગાવી શકે છે. મિત્રનું એક આશ્વાસનભર્યું વાક્ય

નિરાશાના અંધકારમાં દીવો પ્રગટાવી શકે છે. અભિવ્યક્તિ એટલે માત્ર બોલવું જ નહીં. આપણા વિચારો, લાગણીઓ, વર્તન, સ્મિત, આંખોના હાવભાવ, લેખન, સંગીત, ચિત્રકલા, નૃત્ય અને મૌન પણ અભિવ્યક્તિના જ વિવિધ સ્વરૂપો છે. ક્યારેક એક મીઠું સ્મિત એવા શબ્દો કહી જાય છે, જે લાંબા ભાષણો પણ કહી શકતા નથી. સાચી અભિવ્યક્તિ હૃદયમાંથી જન્મે છે અને હૃદય સુધી પહોંચે છે.

ઈતિહાસ સાક્ષી છે કે ઉત્તમ અભિવ્યક્તિએ સમાજમાં ક્રાંતિઓ સર્જી છે. મહાત્મા ગાંધીના સરળ પરંતુ પ્રભાવશાળી શબ્દોએ લાખો લોકોને સત્ય અને અહિંસાના માર્ગે ચાલવા



મનન ચિંતન

ભરત બાવીશી

પ્રેર્યા. સ્વામી વિવેકાનંદના શિકાગોના ઐતિહાસિક ભાષણે સમગ્ર વિશ્વમાં ભારતીય સંસ્કૃતિનું ગૌરવ વધાર્યું. તેમની સફળતા પાછળ માત્ર જ્ઞાન જ નહોતું, પરંતુ જ્ઞાનને જીવંત રીતે રજૂ કરવાની અદ્ભુત કળા પણ હતી.

પરિવારમાં પણ અભિવ્યક્તિનું ખૂબ મહત્વ છે. ઘણીવાર સંબંધોમાં ગેરસમજ એટલા માટે ઊભી થાય છે કે લોકો પોતાની લાગણીઓને યોગ્ય રીતે વ્યક્ત કરી શકતા નથી. સમયસર બોલાયેલા બે પ્રેમાળ શબ્દો તૂટતા સંબંધોને બચાવી શકે છે, જ્યારે કઠોર શબ્દો વર્ષો જૂના સંબંધોમાં પણ તિરાડ પાડી શકે છે. તેથી બોલતા પહેલાં વિચારવું અને વિચાર્યા પછી જ બોલવું એ જ સમજદારી છે.

શિક્ષક, ડૉક્ટર, વકીલ, પત્રકાર, વક્તા, લેખક, વેપારી કે નેતા દરેક ક્ષેત્રમાં અભિવ્યક્તિ સફળતાની ચાવી છે. એક શિક્ષકનું જ્ઞાન ત્યારે જ વિદ્યાર્થીઓ સુધી પહોંચે છે જ્યારે તે સરળ અને રસપ્રદ રીતે સમજાવે. વેપારીની સફળતા ગ્રાહક સાથેના સંવાદ પર નિર્ભર રહે છે. લેખકના શબ્દો વાચકોના હૃદયમાં સ્થાન મેળવે ત્યારે જ તેનું લેખન જીવંત બને છે.

આજના ડિજિટલ યુગમાં અભિવ્યક્તિનું મહત્વ અનેકગણું વધી ગયું છે. સોશિયલ મીડિયા, ઓનલાઈન મિટિંગ, ઈ-મેઈલ, લેખન અને જાહેર મંચો દરેક જગ્યાએ યોગ્ય ભાષા, સંયમ અને સ્પષ્ટતા જરૂરી બની છે. એક અવિચારી શબ્દ સમાજમાં વિવાદ ઊભો કરી શકે છે, જ્યારે એક સકારાત્મક સંદેશ હજારો લોકોને પ્રેરણા આપી શકે છે.

અભિવ્યક્તિની કળા જન્મજાત હોતી નથી; તેને વિકસાવી શકાય છે. સારા પુસ્તકોનું વાંચન, સારા વક્તાઓને સાંભળવા, નિયમિત લેખન, ભાષા પર પ્રભુત્વ, આત્મવિશ્વાસ અને સતત અભ્યાસ દ્વારા આ કળા ખીલે છે. જેટલી અંદરની વિચારશક્તિ સમૃધ્ધ બનશે, તેટલી અભિવ્યક્તિ પણ અસરકારક બનશે.

એક નાનકડો પ્રસંગ યાદ આવે છે. બે વિદ્યાર્થીઓને એકસરખો વિષય આપવામાં આવ્યો. બંને પાસે સમાન માહિતી હતી. પ્રથમ વિદ્યાર્થીએ ગભરાટમાં પોતાની વાત અધૂરી કહી, જ્યારે બીજા વિદ્યાર્થીએ શાંતિથી, ઉદાહરણો સાથે અને આત્મવિશ્વાસપૂર્વક રજૂઆત કરી. પરિણામે બીજા વિદ્યાર્થીને સૌની પ્રશંસા મળી. તફાવત જ્ઞાનમાં નહોતો, અભિવ્યક્તિમાં હતો.

અંતે એટલું જ કહી શકાય કે વિચારો મનમાં રાખવાથી જીવન બદલાતું નથી; યોગ્ય અભિવ્યક્તિથી વિચારોને દિશા મળે છે, સંબંધોને ઉષ્મા મળે છે, સમાજને પ્રેરણા મળે છે અને વ્યક્તિને સફળતા મળે છે. આપણું સમગ્ર જીવન સંબંધોની આસપાસ ગોઠવાયેલું છે. સંબંધોને ટકાવી રાખવા માટે

પ્રેમ જરૂરી છે, પરંતુ પ્રેમને વ્યક્ત કરવાની કળા એથી પણ વધુ જરૂરી છે. કેટલાંય સંબંધો તૂટી જાય છે કારણ કે લાગણીઓ વ્યક્ત થતી નથી. ઘણીવાર "હું તારી સાથે છું" જેવા ચાર શબ્દો જીવનમાં સૌથી મોટો સહારો બની જાય છે. તેથી દરેક વ્યક્તિએ પોતાની વાણીમાં મધુરતા, વિચારોમાં સ્પષ્ટતા અને અભિવ્યક્તિમાં સંવેદનશીલતા કેળવવી જોઈએ.

**જીવનનો સાચો શણગાર માત્ર સુંદર વ્યક્તિત્વમાં નથી, પરંતુ સુંદર અભિવ્યક્તિમાં છે. કારણ કે અભિવ્યક્તિની કુશળ શક્તિ ખરેખર જીવનની ઉત્તમ કલા છે.**

# સફળ મહિલા ખેડૂત

બે દિવસ પછી ગુરુ પુનમનો પવિત્ર તહેવાર છે. આ દિવસને મહર્ષિ વેદ વ્યાસજીની જન્મજયંતી તરીકે પણ ઉજવવામાં આવે છે. આ દિવસે જ્ઞાન, સંસ્કાર અને જીવન માર્ગ બતાવનાર ગુરુ પ્રત્યે કૃતજ્ઞતા વ્યકત કરવામાં આવે છે. ખેતી અને ગ્રામીણ જીવનમાં પણ ગુરુનું ખુબ મહત્વ છે. આમ પણ ખેડૂતોના પ્રથમ ગુરુ તરીકે પ્રકૃતિ છે. જમીન, પાણી, વૃક્ષો, પશુધન અને ઋતુચક્ર ખેડૂતોને સતત શીખવે છે. ગામના વડીલો, શાળાના શિક્ષકો, સંતો, મહંતો, ગુરુજનો, અનુભવી ખેડૂતો અને કૃષિ વૈજ્ઞાનિકો પણ માર્ગદર્શક ગુરુ જ કહેવાય.



અમૃતબેન ઉમેદસિંહ ઝાલા આજે અમદાવાદ જિલ્લાના દસક્રોઈ તાલુકાજના કાણીપેલ ગામના સફળ મહિલા ખેડૂત અને પશુપાલક છે. ધો.૧૦ સુધીનો અભ્યાસ અને ૧૦ વિઘા જમીન જાતે મહેનત કરીને પોતાના પરીવારનું ગુજરાન ચલાવી રહ્યા છે. સફળતા તેને જઈ વરે જે પરસેવે નહાય. આ અમૃતબહેને સમસ્યાઓનો સામનો કરીને થાકયા વિના ઝઝુમતા રહ્યા છે. ૨૦૧૮ના વર્ષમાં સરકારીશ્રીના આત્મા પ્રોજેકટમાં જોડાઈને પ્રાકૃતિક ખેતીની માહિતી મેળવી તેમજ પ્રાકૃતિક ખેતીના ફાયદઓ અને રાસાયણિક ખેતીથી જમીન અને માણસના આરોગ્યને થતા નુકશાન વિશે જાણકારી મેળવીને પોતાની જમીનમાં પ્રાકૃતિક ખેતી કરવાનું નક્કી કરી લીધુ. અમૃતબેન પોતાની જમીન પિયતવાળી હોવાથી ત્રણ પાકો લઈ રહ્યા છે. ચોમાસા દરમ્યાન ડાંગર અને પશુઓ માટે જુવારની ખેતી કરે છે. જયારે શિયાળામાં ઘઉં અને શાકભાજીની ખેતી કરે છે. જયારે ઉનાળામાં બાજરીની ખેતી કરે છે.



ઝાકળનું એક બિંદુ

હિરેન હિરપરા

અમૃત બહેન કહે છે. હું આત્મામા પ્રોજેકટ મારફતે માસ્ટર ટ્રેનર તરીકે માનદ સેવાઓ આપુ છું. ખેડૂતને પ્રાકૃતિક ખેતીની માહિતી આપવાની જીવામૃત, ધન જીવામૃત અને વિવિધ કિટનાશકોની માહિતી આપવાની અને કંઈ રીતે તૈયાર કરવુ તેની તાલિમ આપવાની આમ વિવિધ જગ્યાએ સફળ ખેડૂત તરીકે મારી વાત કરતી હોઉ છુ. જેના હિસાબે મારૂ તમામ ખેત ઉત્પાદન સારા ભાવનોથી વેચાઈ જાય છે. ડોકટરો, ઉદ્યોગપતિઓ, વેપારીઓ જેને પ્રાકૃતિક ચીજ વસ્તુઓ જોઈએ છે. તેઓ એડવાન્સ ઓર્ડર આપે છે. આમ પ્રાકૃતિક ખેત પેદાશોની સારી માંગ છે.

સફળ ખેડૂત ઉપરાંત સફળ પશુપાલક પણ છે. પોતાની પાસે ૧૨ ગીરગાય અને ૮ ભેંસો છે. ગામની દુધ મંડળીમાં છેલ્લા ૧૦ વર્ષથી ચેરમેન તરીકે સેવાઓ આપે છે. તેઓ જણાવે છે કે, આજે જમીનોના ટુકડા થતા જાય છે. કોઈને જાતે કામ કરવુ નથી. ખેતી ઉપર ખર્ચાઓ વધતા જાય છે,ત્યારે આવા તમામ ખર્ચાઓ ખેતી ખમી શકે નહિ. ખેતીએ જીવન નિર્વાહ પધ્ધતી છે. જો વધુ કમાવુ હશે તો પશુપાલન વ્યવસાય અપનાવ્યા વિના છુટકો નથી. પશુપાલન વ્યવસાય ખેતીનો પુરક વ્યવસાય બની શકે તેમ છે. ત્યારે ખેડુતો પ્રાકૃતિક ખેતી અપનાવે અને પશુપાલન વ્યવસાય અપનાવે તો બિજા કોઈપણ ધંધા રોજગાર કરતા આ વ્યવાસાય સારો અને સફળ છે. અમૃતબેનનો સંપર્ક નં. ૮૮૪૯૦૨૬૯૨૮ છે.

## :: તિખારો ::

**કોઈ માણસ માટે તમે ગમે એટલુ જતુ કરતા રહો છતા એ માણસ તમારી લાગણીઓ સાથે રમી જાય ત્યારે કહેવુ પડે છે. સમયે જયારે ન્યાય કરે છે. ત્યારે સાક્ષીની જરૂર પડતી નથી. જેવુ કરો છો એવુ ભોગવવાની તૈયારી રાખો. આ ઈશ્વરનો ન્યાય છે.**

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# અઠવાડિક ખેતિ કાર્યો

ડાંગર : ગાભમારાની ઈયળ અને ડાંગરના ચુસીયા

**ગાભમારાની ઈયળ :** ● પ્રકાશપિંજર અને ગાભમારાના નર ફુદાંને આકર્ષતા ફેરોમોન ટ્રેપ ગોઠવવાથી વસ્તીનું નિયંત્રણ કરી શકાય.

● ફેરરોપણી પછી ૩૦ – ૩૫ દિવસે કાર્બોસલ્ફાન ૫ જી (૪ કિગ્રા) અથવા કાર્ટેપ હાઈડ્રોકલોરાઈડ ૪ જી (૫ કિ.ગ્રા.) અથવા કાર્બોફયુરાન ૩ જી (૬ કિ.ગ્રા.) અથવા ઈમિડાકલોપ્રીડ ૦.૩ જી (૧૫ કિ.ગ્રા.) અથવા ફોરેટ ૧૦ જી (૧૦ કિ.ગ્રા.) પ્રતિ હેકટરે પ્રમાણે ખેતરમાં પાણી ઓછું કર્યા બાદ બે વખત આપવાથી ચુસીયાનો ઉપદ્રવ કાબુમાં રહે છે.

● આ સિવાય ફ્લ્યુબેન્ડીયામાઈડ ૪૮૦ એસસી ૩ મિ.લી. અથવા ઈન્ડોકઝાકાર્બ ૧૫.૮ ઈસી ૧૦ મિ.લી. અથવા કલોરાન્ટ્રાનિલીપ્રોલ ૧૮.૫ એસસી ૩ મિ.લી. પૈકી ગમે તે એક કીટનાશક ૧૦ લીટર પાણીમાં મિશ્ર કરી છંટકાવ કરતા અસરકારક નિયંત્રણ મળે છે.

● ચુસીયા અને ગાભમારાની ઈયળના નિયંત્રણ માટે ઈમિડાકલોપ્રીડ ૧૭.૮ એસએલ ૩ મિ.લી. અથવા એસીટામીપ્રીડ ૨૦ એસપી ૪ ગ્રામ અથવા કલોથીયાનીડીન ૫૦ ડબલ્યુ ૫ મિ.લી. અથવા બુપ્રોફેઝીન ૨૫ એસસી ૨૦ મિ.લી. અથવા ફલોનીકામાઈડ ૫૦ ડબલ્યુ ૩ ગ્રામ અથવા લેમડા સાયહેલોથ્રીન ૫ ઈસી ૫ મિ.લી. અથવા એસીટામીપ્રીડ ૦.૪ + કલોરપાયરીફોસ ૨૦ ઈસી ૧૫ મિ.લી. અથવા બુપ્રોફેઝીન ૧૫ + એસીફેટ ૩૫ ડબલ્યુ ૨૫ ગ્રામ અથવા એસીફેટ ૭૫ એસપી ૨૦ ગ્રામ અથવા કિવનાલફોસ ૨૫ ઈસી ૨૦ મિ.લી. અથવા ડાયકલોરવોસ ૭૬ ઈસી ૧૦ મિ.લી. અથવા ડાયનોટેફયુરાન ૨૦ એસજી ૪ ગ્રામ અથવા ફીપ્રોનીલ ૫ એસસી ૨૦ મિ.લી. અથવા થાયામેથોક્ઝામ ૨૫ ડબલ્યુજી ૨ ગ્રામ અથવા ટ્રાયઝોફોસ ૨૦ ઈસી ૨૦ મિ.લી. અથવા ઈમિડાકલોપ્રીડ ૬ + લેમડાસાયહેલોથ્રીન ૪ એસસી ૬ મિ.લી. અથવા ફોસ્ફામિડોન ૪૦ + ઈમિડાકલોપ્રીડ ૨ એસપી ૧૦ ગ્રામ અથવા ફ્લુબેન્ડીઆમાઈડ ૪ + બુપ્રોફેઝીન ૨૦ એસસી ૨૦ મિ.લી. અથવા ફ્લુબેન્ડીઆમાઈડ ૩.૫ + હેક્ઝાકોનાઝોલ ૫ ડબલ્યુજી ૨૦ ગ્રામ અથવા ફેનપ્રોપેથ્રીન ૩૦ ઈસી ૭ મિ.લી. અથવા થાયાકલોપ્રીડ ૨૧.૭ એસસી ૧૦ મિ.લી. ૧૦ લીટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.

● ખેતરમાં રાત્રીના સમયે પ્રકાશપિંજર ગોઠવી ગાભમારાની ઈયળ ઉપરાંત લશ્કરી ઈયળના પુખ્ત આકર્ષિ તેની વસ્તીમાં ઘટાડો કરી શકાય. આમ પુખ્ત કીટકોની વસ્તી ઘટતા તેના દ્વારા મુકાતા ઈંડાનું પ્રમાણ ઘટે છે, જેથી જીવાતની નુકસાન કરતી અવસ્થાનું પ્રમાણ પણ ઘટે છે. નર ફુદાને આકર્ષતા ફેરોમોન ટ્રેપ ગોઠવવાથી વસ્તીનું નિયંત્રણ કરી શકાય.

● લીમડા આધારિત તૈયાર કીટનાશકનો ૧૦ મિ.લી. (૫ ઈસી) થી ૬૦ મિ.લી. (૦.૦૩ ઈસી) ૧૦ લીટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.

● ફેરરોપણી પછી ૩૦ – ૩૫ દિવસે કાર્બોસલ્ફાન ૫ જી (૪ કિગ્રા) અથવા કારટેપ હાઈડ્રોકલોરાઈડ ૪ જી (૫ કિગ્રા) અથવા કાર્બોફયુરાન ૩ જી (૬ કિગ્રા) પ્રતિ વિઘા પ્રમાણે ખેતરમાં પાણી ઓછુ કર્યા બાદ બે વખત આપવાથી ઉપદ્રવ કાબુમાં રહે છે. આ સિવાય ફ્લ્યુબેન્ડીયામાઈડ ૪૮૦ એસસી ૩ મિ.લી. અથવા ઈન્ડોકઝાકાર્બ ૧૮.૫ એસસી ૩ મિ.લી.



ડો.જી.આર. ગોહિલ, જૂનાગઢ
કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ.
ફોન : ૯૨૭૫૭૦૮૩૪૨

પૈકી ગમે તે એક કીટનાશક ૧૦ લીટર પાણીમાં મિશ્ર કરી છંટકાવ કરતા અસરકારક નિયંત્રણ મળે છે.

● ડાંગરની શ્રી પધ્ધતિથી ખેતી કરો. જેનાંથી સારી ગુણવતા, ઓછા પાણીની જરૂરિયાત, બિયારણની બચત,જમીનની ફળદ્રુપતા વધે અને ઢળી પડતી નથી. જેમાંઓછા રાસાયણિક ખાતરનો ઉપયોગ કરવો પડે છે.

● ચુસીયાનો ઉપદ્રવ ઘટાડવા નાઈટ્રોજનયુક્ત રાસાયણિક ખાતરો ભલામણ મુજબ ત્રણ હપ્તામાં આપવા જોઈએ.

● ચુસીયાનો ઉપદ્રવ જોવા મળે કે તરત જ ક્યારીમાંથી પાણી નીતારી નાખવું.

મગફળીમાં થડ / ડોડવાનો સડો

● વાવણી બાદ પણ ઉભા પાકમાં થડની પાસે રેતી કે સેન્દ્રીય ખાતરમાં ભેળવી ટ્રાયકોર્ડમાંની માવજત આપી શકાય. આ ઉપરાંત અન્ય પાકોમાં પણ પાણી ભરાવાને કારણે ઘણી નુકશાની થયેલ છે.

**મગફળી:**

● સેન્દ્રીય ખેતી માટે ૫૦% નાઈટ્રોજન છાણીયા ખાતરમાંથી તેમજ બાકીનો જૈવિક ખાતરો અને ફોસ્ફરસ માટે રોક ફોસ્ફેટ ૧૦૦ કિલો/હે. આપવું.

●મગફળીમાં ઘૈણ નિયંત્રણ માટે કલોરપાયરીફોસ હેકટરે ૪ લીટર પ્રમાણે પાણી સાથે આપવું. પિયત ન થઈ શકે તો પંપ દ્વારા નોઝલ કાઢી કલોરપાયરીફોસ(૧૦ લીટર પાણીમાં ૨૫મિલી) પ્રવાહી મગફળીનાં મૂળ પાસે ડ્રેન્ચીંગ કરવું. અથવા ૪ લીટર દવા ૫ લીટર પાણીમાં ઓગાળી આ મિશ્રણને ૧૦૦ કિલો રેતીમાં ભેળવી ત્યારબાદ સુકવી અને રેતી એક હેકટર વિસ્તારમાં થડ પાસે મુકવી.

**પાનના ટપકાનો રોગ :**

● આ રોગને ટીકકા તરીકે પણ ઓળખાય છે. આ રોગ મગફળી વાવતા બધા જ વિસ્તારોમાં જોવા મળે છે. ગુજરાતમાં આ રોગ ખાસ કરીને ચોમાસુ ઋતુના ભેજવાળા વાતાવરણમાં વધુ જોવા મળે છે. પાનનાં ટપકાનો રોગ બે તબકકામાં જુદા જુદા સમયે પાન ઉપર દેખાય છે અને બંને જુદી જુદી પ્રકારની ફુગથી થાય છે.

● નિયંત્રણ માટે પાક ૩૦-૩૫ દિવસનો થાય ત્યારે કાર્બેન્ડેઝીમ ૦.૦૫ % (૧૦ ગ્રામ / ૧૦ લિટર ) અથવા મેન્કોઝેબ ૦.૨ % (૨૬ ગ્રામ / ૧૦ લિટર) અથવા ૦.૨ % કલોરોથેલોનિલ (૨૬ ગ્રામ / ૧૦ લિટર) અથવા હેકઝાકોનેઝોલ ૦.૦૦૫ % (૧૦ મિ.લિ. / ૧૦ લિટર પાણીમાં) દવાનો છંટકાવ કરવો. ત્યારબાદ બે છંટકાવ ૧૦-૧૨ દિવસનાં અંતરે કરવા.

● richoderma એક લાભદાયક ફૂગ છે, જ્યારે Bacillus લાભદાયક બેક્ટેરિયા છે.

● બંને અલગ-અલગ રીતે રોગકારક ફૂગને દબાવે છે અને છોડની રોગપ્રતિકારક શક્તિ વધારે છે. યોગ્ય ગુણવત્તાવાળા ઉત્પાદનો હોય તો બંને એકબીજાના પૂરક બની શકે છે.

● Trichoderma spp., Bacillus subtilis,Bacillus amyloliquefaciens અને Pseudomonas fluroescens જેવા લાભદાયક સૂક્ષ્મજીવોને ખેતીનો અભિન્ન ભાગ બનાવવાથી છોડ વધુ તંદુરસ્ત, જમીન વધુ જીવંત અને પાક વધુ ઉત્પાદક બને છે.



**કપાસ પાકમાં મૂળનો કોહવારા:**

● આ રોગનું ખાસ લક્ષાણ એ છે કે છોડ એકાએક ચીમળાઈ જાય છે. ખેતરમાં રોગ ગોળાકાર વિસ્તારમાં જોવા મળે છે.

● રોગિષ્ટ છોડ છે. આવા સહેલાઈથી ખેંચી કાઢી શકાય.

● આદીમુળ સિવાયના અન્ય મૂળ વધારે કોહવાયેલાં તેમજ તુટી ગયેલ દેખાય છે. આદીમૂળ ભીનાં અને છાલ પીળી અને છાલ બદામી અને કથ્થાઈ રંગની થઈ જાય છે.

● નિયંત્રણ માટે કોપર ઓકઝીકલોરાઈડ સુકાતા છોડ તથા તેની આજુબાજુ ના તંદુરસ્ત છોડ ના થડ પાસે રેડવુ તથા ૪ થી ૫ દિવસ પછી એમોનિયમ સલ્ફેટ આપવું..

**કપાસમાં સુકારો :**

● પુખ્ત છોડના નીચેના પાન બરછટ, જાડા અને છેલ્લે મુરઝાયેલા હોય છે. રોગ ધીમે ધીમે ટોચ તરફ આગળ વધે છે.

● સુકાતા છોડ તથા તેની આજુબાજુ ના તંદુરસ્ત છોડ ના થડ પાસે કાર્બેન્ડેઝમ અથવા કોપર ઓકઝીકલોરાઈડ રેડવું.

કપાસનો મૂળખાઈ :

● રોગગ્રસ્ત છોડની ફરતે મેન્કોઝેબ ૨૬ ગ્રામ અથવા કોપર ઓકિઝકલોરાઈડ ૪૦ ગ્રામ/૧૦ લીટર પાણીમા ઓગાળી રેડવું.

● ખૂબ વરસાદ અથવા વધારે પિયત આપવાથી પાણી ભરાતુ હોય અથવા જીંડવા બેસતી વખતે ખાતર અને પાણીની ઉણપને કારણે છોડ સુકાતા જોવા મળે છે

● વધુ વરસાદ બાદ વરાપે ખેડ કરવાથી અથવા છોડનાં મૂળ વિસ્તાછરમાં ગોડ કરી જમીનમાં હવાની અવરજવર કરી આપવાથી ફાયદો થાય છે.

● છોડ ઉપર ફુલભમરી અને જીંડવાઓ બેઠા હોય, પાણી અને પોષક તત્વોમ ની અછત હોય ત્યાતરે ટુકા ગાળે પિયત આપી ભેજની અછત ટાળવી તથા છંટકાવ માટે ૧૯-૧૯-૧૯, ૧૦૦ ગ્રામ અથવા માઈક્રોમિકસ ગ્રેડ-૪, ૨૫ ગ્રામ એક પંપ માં નાખી ૧૦ દિવસ ના અંતરે ૩ છંટકાવ કરવા તેમજ પોટેશીયમ નાઈટ્રેટ છોડના થડ ફરતે રેડવાથી સુકારાનું પ્રમાણ ઘટાડી શકાય છે.

**સુર્યમુખી:**

● સૂર્યમુખી પાકમાં લીલી ઈયળ મુખ્ય જીવાત છે. તેના નિયંત્રણ માટે બેસિલસ થુરીન્ઝીનેસીસ ૨ લી./હેક્ટર અથવા લીલી ઈયળનું એન. પી. વી. ૨૫૦ એલઈ/હેકર અથવા કિવનાલફોસ અથવા ફેનવાલરેટ નો છંટકાવ કરવો.

**તલ:**

● પ્રકાશ પીંજરનો ઉપયોગ કરવો. બીવેરીયા બેઝીયાના ૫ ગ્રામ અથવા લીંબોળીના મીંજનું દ્રાવણ ૫ ગ્રામ પ્રતિ લીટર પાણી અથવા કવીનાલફોસ ૨૦ મી.લી. દવા ૧૦ લીટર પાણીમાં નાંખવી છંટકાવ કરવો.

**દિવેલા :**

● ભલામણ કરેલ જાતો : જીએયુસી-૧, જીસીએચ-૫, ૬,૭, ૮,અથવા ૯, જીસીએમ-૪ અને ૬ સુકા વિસ્તાર માટે જીસીએચ-૨ નું વાવેતર કરવું.

**સોયાબીન:**

● સોયાબીનના ૩૦ દિવસ પછી સોયાબીનની બે હાર પછી ૧ હાર એરંડાની આંતરપાક પદ્ધતિ માટે વાવવી.

**કપાસ: સફેદ માખી:**

● કપાસમાં લાલ પર્ણ થતાં હોય તો ૧% મેગ્નેશીયમ સલ્ફેટ દ્રાવણ ૯૦ દિવસનો પાક થાય ત્યારે અને બીજો ૧૫ દિવસે છંટકાવ કરવો.

● સફેદ માખીની મોજણીમાં પીળા રંગની સ્ટીકી ટ્રેપ હેકટરે ૫ લગાવવી. ઈયળ વર્ગની જીવાતોની મોજણીમાં ફેરોમેન ટ્રેપ હેકટર દીઠ ૫ લગાવવી.

**તમાકું :**

● તમાકુમાંવાંકુલાનાં નાશ માટે ઉગતાની સાથે ટોચ ઉપર કેરોસીન, ડીઝલ, લીબોડી, કપાસ, સોયાબીન જેવા તેલનાં બે ટીંપા મુકવાથી તેની નાશ થાય

● ભલામણ કરેલ જાતો આણંદ-૧૧૯,જીટી-૫,જીટી-૯, જીટીએચ-૧, ગુજરાત તમાકુ-૯, જીસીટી-૩

**તુવેર:**

● મગફળી-તુવેર રીલે પાક પધ્ધતિ અપનાવો.

**વેલાવાળા શાકભાજી :**

● આ ભૂકી છારાનો રોગ છે. જેના નિયંત્રણ માટે વેટેબલ સલ્ફર (૩૦ ગ્રામ/૧૦ લી) અથવા ડીનોકેપ (૧૦ મિ.લી/૧૦ લી) અથવા હેક્ઝાકોનાઝોલ (૧૦ મિ.લી/૧૦ લી(અથવા કાર્બેન્ડાઝીમ(૫ ગ્રામ / ૧૦ લી) જેવી દવા છાંટવાથી નિયંત્રણ કરી શકાય છે.

**પપૈયા:**

● પપૈયામાં કોહવારોના નિયંત્રણ માટે થડ ફરતે બોર્ડોપેસ્ટ લગાવો વધુમાં કોપર ઓકઝીકલોરાઈડના દ્રાવણનું ડ્રેન્ચિંગ કરવું.

● પપૈયાના ધરૂ માટે પોલીકમશેડ નેટ હાઉસમાં ઉછેર કરવો.

**આંબો:** આત્યારે આંબામાં સીયપરમેથીન ૨૦ મિલી તેમાં બ્લુકોપાર ૫૦ મિલી નાખી થાળ તેમજ ડાળીઓ સહીત છંટકાવ કરવો.

જમીનમાં કાચું દીશી ખાતર ન નાખવું. કીડી,મુંડા જમીનમાં હોય તો કલોરપાયરીફોસ ૨૦ મિલી પમ્પમાં નાખી છંટકાવ કરવો.

# ચોમાસું સોયાબીનની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ



બીજને માવજત : એક કિલો બીજ દીઠ ૨૩ ગ્રામ મેન્કોઝેબ કે અન્ય ફૂગનાશક દવાનો પટ આપવો. આ ઉપરાંત ૧ લીટર પાણીમાં પાંચ ગ્રામ રાઈઝોબીયમ કલ્ચર ઉમેરી મિશ્ર કરવું. આ દ્રાવણ એક કિલો બીયારણ દીઠ ઉમેરી મિશ્ર કરવું. આ બિયારણ છાંયડામાં સૂકવવું અને પછી વાવણી કરવી, વાવણી સમય : વાવણી સમય જૂન-જુલાઈ માસમાં વાવણી લાયક વરસાદ થયેથી સોયાબીન પાકનું વાવેતર કરવું.

● **વાવણી અંતર :** પાકની બે હાર વચ્ચે ૪૫ સે.મી. અને બે છોડ વચ્ચે ૫૧૦ સે.મી અંતર જાળવવું. એકર દીઠ છોડની સંખ્યા જાળવવી ખાસ જરૂરી છે.બીજ દર : હેકટરે ૬૦ કિ.ગ્રા. સોયાબીન બીજનું વાવેતર કરવાથી સારૂ ઉત્પાદન મળે છે.

● **રાસાયણિક ખાતર :** સોયાબીનના છોડમાં મૂળમાં રહેલ ગંડિકાઓ હવામાંના નાઈટ્રોજનનું સ્થિરીકરણ કરવામાં મદદરૂપ થાય છે. આ પાકને હેકટરે ૩૦ કિ.ગ્રા. નાઈટ્રોજન અને ૩૦ કિ.ગ્રા. ફોસ્ફરસ આપવાથી સારું ઉત્પાદન મેળવી શકાય છે.

● **આતંર ખેડ :** સોયાબીન કઠોળ વર્ગનો પાક હોવાથી તેમના મૂળ પર મૂળ ગંડિકાઓનું પ્રમાણ વધુ તે માટે જમીનમાં હવાની અવરજવર

ડાૅ. રાકેશ. એસ. પરમાર,
શ્રી અર્પિત. પી. ભુરીયા,
ડાૅ. ડી. એન. પડાળીયા અને
ડાૅ. આશિષ જી વાળા

થવી ખૂબ જરૂરી છે તેથી ૨૦ અને ૪૦ દિવસે આતંરખેડ કરવી જોઈએ. જેથી નિંદણનું પણ નિયંત્રણ કરી શકાય છે.

● **નિંદણ નિયંત્રણ :** સોયાબીનના પાકમાં ૨૦ અને ૪૦ દિવસે આંતર ખેડ કર્યા બાદ હાથથી નિંદામણ કરવાથી નિંદણ નિયંત્રણ કરી શકાય છે.

● **પિયત :** ખરીફ ઋતુમાં સમયસર વાવવામાં આવતા પાકને પિયતની જરૂર પડતી નથી. પરંતુ જો વરસાદનો ગાળો - લંબાઈ અને ખેંચ ઊભી થાય કે ચોમાસુ નિષ્ફળ જાય તો જરૂરીયાત મુજબ પિયત આપવું. બીજાકરણ, ફૂલો આવવાં અને શીંગો ભરાવાની અવસ્થા દરમિયાન જમીનમાં પૂરતા પ્રમાણમાં ભેજ હોવો જરૂરી છે. આ અવસ્થા પૈકી કોઈ પણ સમયે ભેજની અછત ઊભી થાય તો ઉત્પાદન પર માઠી અસર થાય છે.

● **પાક સંરક્ષણ :** સોયાબીનમાં પાન ખાનાર ઈયળ, મોલોમશી અને ૧ સફેદ માખી જીવાત તથા પાનના ટપકાંનો રોગ મુખ્યત્વે જોવા મળે છે. સમયસર પાક સંરક્ષણના પગલાં લેવાથી ઉપરોક્ત રોગ તથા જીવાતોથી થતું નુકસાન અટકાવી શકાય છે.

● **કાપણી :** સોયાબીનને પાકવા માટે ૯૦-૧૦૫ દિવસ લાગે છે. જ્યારે સોયાબીનના પાન પીળા થઈ જાય અને ૯૦ થી ૯૫% શીંગો સોનેરી પીળા રંગની થઈ જાય ત્યારે પાકની દાતરડાથી કાપણી કરવી. જો પાકની કાપણી મોડી કરવામાં આવે તો શીંગો ફાટી જઈ દાણા ખરી પડે છે અને જો લીલી શીંગો હોય અને કાપણી કરવામાં આવે તો શીંગોમાં દાણા ચીમળાયે લા તથા લીલા રંગના રહે છે જેથી દાણાની ગુણવત્તા બગડે છે. કાપેલા છોડને ૫ થી ૬ દિવસ ખળામાં સુકાવા દઈ ત્યારબાદ લાકડાના હાથાથી અથવા થ્રેશરથી દાણા ૧ છૂટા પાડી શકાય છે.

● **ઉત્પાદન :** પૂરતી માવજત અને સમયસર ખેતી કાર્યો કરવામાં આવે તો હેકટરે ૧૫૦૦ થી ૨૦૦૦ કિ.ગ્રા. ઉત્પાદન મેળવી શકાય છે.

**સુધારેલ નવીન જાતો**

| નવીનત્તમ સુધારેલ જાતો | વર્ષ | ઉત્પાદન ક્ષમતા | અંદાજીત ઉત્પાદન | લાક્ષણિકતા |
|---|---|---|---|---|
| ગુજરાત સોયાબીન ૧ | ૧૯૮૩ | ૨૨૦૦ | ૧૪૯૦ | નોન શેટરીંગ |
| ગુજરાત સોયાબીન ૨ | ૧૯૮૩ | ૨૦૦૦ | ૧૨૭૭ | ખરીફ |
| ગુજરાત જૂનાગઢ સોયાબીન ૩ | ૨૦૧૧ | ૨૪૫૦ | ૧૮૯૫ | યલો બીજ અને ખરીફ તેમજ તેમજ મોટા ભાગના રોગ સામે પ્રતીકારકાતા અને ૧૦૧ દિવસે પાકે |
| ગુજરાત સોયાબીન ૪ | ૨૦૨૨ | ૩૬૬૧ | ૨૧૬૦ | યલો બીજ, નોન શેટરીંગ અને ખરીફ |
| એન.આર.સી ૩૭ | ૨૦૧૭ | ૪૦૦૦ | ૩૦૦૦ | મધ્ય ગુજરાત, નોન શેટરીંગ અને વધુ પ્રોટીન તેમજ મોટા ભાગના રોગ સામે પ્રતીકારકાતા |
| જેએસ ૩૩૫ | ૧૯૯૪ | ૩૫૦૦ | ૨૫૦૦ | સારી સ્ફૂરણશક્તિ , વધુ તેલ ક્ષમતા અને વધુ ઉત્પાદન ક્ષમતા તેમજ પીળા બીજ અને ૯૦ દિવસે પાકે |
| કેડીએસ ૩૪૪ (ફૂલે અગ્રણી) | | | ૨૫૦૦ | સિંગ ન ફાટવાની ગુણધર્મ તેમજ મોટા ભાગના રોગ સામે પ્રતીકારકાતા |

# મકાઈના પાકમાં સંકલિત જીવાત વ્યવસ્થાપન

મકાઈખાદ્ય વર્ગનાપાકમાં ખુબ જ અગત્યનું સ્થાન ધરાવે છે. ભારતમાં મકાઈનું વાવેત ૨૯.૩૮ લાખ હેક્ટર જેટલા વિસ્તારમાં થાય છે, જેમાંથી ૨.૮૮ કરોડ ટન જેટલું ઉત્પાદન મળે છે. ગુજરાતમાં મકાઈ ના વાવેતરમાં પંચમહાલ, મહિસાગર, દાહોદ, વડોદરા, છોટાઉદેપુર, અરવલ્લી, સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લાઓ અગત્યનુ સ્થાન ધરાવે છે. મકાઈમાં પાકની વાવણીના સમયથી લઈ

ડો. એમ. કે. કાનાણી, ડો.એચ. સી. પટેલ,
શ્રીપ્રેમચૌધરી અને ડો. ડી. બી. સિસોદિયા
કિટકશાસ્ત્રવિભાગ, બં. અ. કૃષિમહાવિદ્યાલય,
આ. કૃ. યુ., આણંદ

કાપણી સુધી અને ત્યાર બાદ સંગ્રહ દરમ્યાન જીવાતોનો ઉપદ્રવ જોવા મળે છે. મકાઈમાં જુદી-જુદી જીવાતોનું જેવીકે ટપકાંવાળી લશ્કરી ઈયળ, ગાભમારાની ઈયળ, લીલી ઈયળ, કાતરા, ધોડા, લશ્કરી ઈયળ,મોલો, ઉધઈ, પક્ષીઓ વગેરેનો સમાવેશ થાય છે. જે પૈકી મકાઈમાં વિકરાળ સ્વરૂપ ધારણ કરેલચાર ટપકાંવાળી લશ્કરી ઈયળ ખુબ જ અગત્યની છે. જેનો ઉપદ્રવ વર્ષ ૨૦૧૮ પછી ખુબ જ વધીગયો છે. ચાલુ વર્ષે પણ આ જીવાત ગુજરાતના મોટા ભાગના જિલ્લાઓમાં મકાઈમાં જોવા મળેલ છે.મકાઈમાં આ જીવાત દ્વારા ૫૦ થી ૬૦ ટકા સુધી નુકસાન નોંધાયેલ છે. આવી પરિસ્થિતિમાં જો યોગ્ય કાળજી લેવામાં ન આવે તો આ જીવાતનો ઝડપી ફેલાવો થઈ ઉત્પાદન અને ગુણવત્તામાં અસર થઈશકે છે.


● **ટપકાંવાળી લશ્કરી ઈયળ:** માદા ફૂદી પાનની નીચેની બાજુએ સમૂહમાં ઈંડાં મૂકે છે જેમાં ૭૫ થી ૧૪૦ જેટલા ઈંડાં હોય છે. ઈંડાંનું ૨ થી ૩ દિવસમાં સેવન થતાં પ્રથમ અવસ્થાની કાળા માથાવાળી અને લીલાશ પડતી સફેદ રંગની નાની ઈયળ નિકળે છે. પૂર્ણ વિકસિત ઈયળના માથા પર નરી આંખે જોઈ શકાય તેવો સફેદ રંગનો ઉંધો અંગ્રેજી "રૂ" આકાર જોવા મળે છે અને તેના ખંડો ઉપર જોવા મળતા ટપકાં મોટા તથા ઉપસેલા જોવા મળે છે જેનાથી ઈયળને સહેલાઈથી ઓળખી શકાય છે. આથી ગુજરાતમાં આ જીવાતને "ટપકાંવાળી લશ્કરી ઈયળ" અથવા "પૂંછડે ચાર ટપકાંવાળી લશ્કરી ઈયળ" તરીકે ઓળખવામાં આવે છે. નાની ઈયળો મકાઈના કૂમળા પાન ઉપર મુખાંગો દ્વારા ઘસરકા કરી તેમાંથી હરિતદ્રવ્ય સહિતનો ભાગ ખાય છે જેથી પાન પર સફેદ રંગના ધાબા જોવા મળે છે. (ક્રમશઃ)

# મણિપુર હિંસા કેસોમાં સુપ્રીમ કોર્ટનું કડક વલણ, ખાસ અદાલતો રચવાનો પ્રસ્તાવ

મણિપુર,તા.૨૬

મણિપુર હિંસા સંબંધિત કેસોની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે તપાસ અને ટ્રાયલની ધીમી ગતિ અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. કોર્ટે મણિપુર અને ગુવાહાટી હાઈકોર્ટની સંમતિથી દૈનિક સુનાવણી માટે ખાસ અદાલતો રચવાનો પ્રસ્તાવ મૂક્યો છે. સાથે જ સીબીઆઈ અને વિશેષ તપાસ ટીમને બાકી રહેલી તપાસ ઝડપથી પૂર્ણ કરી





ચાર્જશીટ દાખલ કરવા નિર્દેશ આપવામાં આવ્યો છે. કોર્ટમાં રજૂ થયેલા અહેવાલ મુજબ અનેક કેસોમાં હજુ તપાસ ચાલુ છે અને મર્યાદિત કેસોમાં જ ટ્રાયલ શરૂ થયો છે. સુપ્રીમ કોર્ટે પીડિતો અને તેમના વકીલોને એક અઠવાડિયામાં ચાર્જશીટની નકલો

**તપાસ ઝડપથી પૂર્ણ કરી ચાર્જશીટ દાખલ કરવા નિર્દેશ આપવામાં આવ્યો**

આપવાનો આદેશ પણ કર્યો છે. સરકારે વિસ્થાપિત લોકોને આવાસ આપવાનું પ્રથમ પ્રાધાન્ય રાખવું જોઈએ તેમ કોર્ટે જણાવ્યું હતું. સાથે જ ધાર્મિક સ્થળોની જમીન પર કોઈ અતિક્રમણ ન થાય તેની પણ સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે.

# કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૬માં મીરાબાઈ ચાનુએ વેટલિફ્ટિંગમાં ભારતને અપાવ્યો પ્રથમ ગોલ્ડ મેડલ

ગ્લાસગો,તા.૨૬

ગ્લાસગોમાં યોજાઈ રહેલી કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૬માં ભારતીય વેટલિફ્ટર મીરાબાઈ ચાનુએ ઈતિહાસ રચતાં દેશને પ્રથમ ગોલ્ડ મેડલ અપાવ્યો છે. મહિલાઓની ૪૮ કિલોગ્રામ શ્રેણીમાં તેમણે સ્નેચમાં ૮૫ kg અને ક્લીન એન્ડ જર્કમાં ૧૦૫ kg મળીને કુલ ૧૯૦ kg વજન ઊંચકીને ગેમ્સ રેકોર્ડ સાથે સુવર્ણ પદક જીત્યો




છે. આ ઉપરાંત, પુરુષોના ૬૦ કિલોગ્રામ વર્ગમાં ઋષિકાંત સિંહે કુલ ૨૬૪ kg (૧૨૧+૧૪૩) વજન ઊંચકીને ભારત માટે સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો છે. અગાઉ પેરા પાવરલિફ્ટિંગમાં

**ઋષિકાંત સિંહે કુલ ૨૬૪ kg (૧૨૧+૧૪૩) વજન ઊંચકીને ભારત માટે સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો**

ઝંડુ કુમારે દેશ માટે પ્રથમ બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. આ ત્રણ પદકો (૧ ગોલ્ડ, ૧ સિલ્વર, ૧ બ્રોન્ઝ) સાથે ભારત મેડલ ટેલીમાં સાતમા સ્થાને પહોંચી ગયું છે. હાલમાં ઓસ્ટ્રેલિયા ૧૨ ગોલ્ડ સહિત કુલ ૨૪ મેડલ સાથે પ્રથમ સ્થાને છે.

# ત્રીજી ટી-૨૦માં ભારતે ઝિમ્બાબ્વેને ૩૫ રનથી હરાવી સિરીઝ ૩-૦થી ક્લીન સ્વીપ કરી

હરારે, તા.૨૬

હરારે ખાતે રમાયેલી ત્રીજી ટી-૨૦ મેચમાં ભારતે ઝિમ્બાબ્વેને ૩૫ રનથી પરાજય આપીને સિરીઝમાં ૩-૦થી ક્લીન સ્વીપ કર્યું છે. ભારતે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરતા ૨૦ ઓવરમાં ૫ વિકેટે ૧૯૨ રન બનાવ્યા હતા. જેના જવાબમાં ઝિમ્બાબ્વેની ટીમ ૭ વિકેટે ૧૫૭ રન જ બનાવી શકી હતી. ભારતની જીતમાં ૧૫ વર્ષીય વૈભવ સૂર્યવંશીએ મહત્વનું યોગદાન આપતા ૪૯ બોલમાં ૮૧ રનની શાનદાર ઈનિંગ રમી હતી. તેની સાથે ઈશાન કિશને ૨૯ રન અને કેપ્ટન શ્રેયસ અય્યરે ૨૭ રન જોડ્યા હતા. ૧૯૩ રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી ઝિમ્બાબ્વે માટે રયાન બર્લે અણનમ ૫૪ રન બનાવ્યા હતા. ભારત તરફથી બોલિંગમાં મયંક યાદવે ૩ વિકેટ અને યશ ઠાકુરે ૨ વિકેટ ઝડપીને વિપક્ષી ટીમને લક્ષ્યથી દૂર રાખી હતી

# કાળા સમુદ્રમાં ભારતીયો માટે જોખમ વધ્યું, વિદેશ મંત્રાલયે એડવાઈઝરી જાહેર કરી

નવી દિલ્હી, તા.૨૬

કાળા સ મુદ્ર અને નજીકના દરિયાઈ વિસ્તારોમાં કાર્યરત ભારતીય નાગરિકો માટે વિદેશ મંત્રાલયે મહત્વપૂર્ણ સલાહ જાહેર કરી છે. ચાલુ સંઘર્ષને કારણે સુરક્ષા સ્થિતિ અત્યંત અસ્થિર હોવાનું જણાવાયું છે. મંત્રાલય અનુસાર એપ્રિલ ૨૦૨૬થી વેપારી જહાજો પર હુમલાની ઘટનાઓમાં વધારો



થયો છે અને અત્યાર સુધીમાં પાંચ ભારતીય નાગરિકોના મોત થયા છે. જહાજ પર નોકરી સ્વીકારતા પહેલાં સુરક્ષા જોખમો, માર્ગ, બંદરો, વીમા અને કટોકટી વ્યવસ્થાની સંપૂર્ણ માહિતી મેળવવાની સલાહ આપવામાં આવી છે. ભારતીયોને પરિવાર સાથે નિયમિત સંપર્કમાં રહેવા અને દરિયાઈ સત્તાઓની સલામતી સૂચનાઓનું કડક પાલન કરવા પણ જણાવાયું છે. જરૂર પડ્યે રશિયા અને યુક્રેન સ્થિત ભારતીય દૂતાવાસનો સંપર્ક કરવાની સૂચના આપવામાં આવી છે.

# પેપર લીક સામે નંદન નિલેકણીના નેતૃત્વમાં હાઈ-પાવર ટાસ્ક ફોર્સની જાહેરાત

નવી દિલ્હી, તા.૨૬

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પર વીડિયો સંદેશ દ્વારા દેશની પરીક્ષા પ્રણાલીમાં મોટા સુધારાઓ અંગે મહત્વપૂર્ણ જાહેરાત કરી છે. તેમણે સ્પષ્ટ કર્યું કે વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ચેડાં કરનારાઓ સામે સરકારે કડક પગલાં લીધાં છે અને દોષિતો હાલ જેલમાં સડી રહ્યા છે. આવા કેસોના ઝડપી નિકાલ માટે ફાસ્ટ ટ્રેક કોર્ટ બનાવવામાં આવી છે અને સંસદમાં કઠોર સજાની જોગવાઈ ધરાવતો નવો કાયદો પણ લાવવામાં આવી રહ્યો છે. દેશની પરીક્ષા પ્રણાલીને વધુ વિશ્વસનીય, પારદર્શી અને ટેકનોલોજી-સભર બનાવવા માટે જાણીતા ટેકનોલોજી નિષ્ણાત નંદન નિલેકણીના નેતૃત્વમાં એક 'હાઈ-પાવર ટાસ્ક ફોર્સ' બનાવવાનો નિર્ણય લેવાયો છે, જે પરીક્ષા સુધારાઓ પર ધ્યાન કેન્દ્રિત કરશે.

# સાવરકુંડલામાં કારગિલ વિજય દિવસ નિમિત્તે વીર જવાનોને અપાઈ ભાવાંજલિ

સાવરકુંડલા,તા.૨૬

કારગિલ વિજય દિવસના પાવન અવસરે સાવરકુંડલાના શહીદ સ્મારક ખાતે ભાજપ યુવા મોરચા દ્વારા ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની અધ્યક્ષતામાં 'શહીદ વંદના' કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. દેશની સુરક્ષા કાજે સર્વોચ્ચ બલિદાન આપનાર અમર જવાનોને પુષ્પાંજલિ અર્પણ કરી બે મિનિટનું મૌન પાળવામાં




આવ્યું હતું.આ તકે ધારાસભ્ય મહેશ કસવાલાએ સૈનિકોના અદમ્ય શૌર્યને બિરદાવતા જણાવ્યું હતું કે, વીર જવાનોના સમર્પણના કારણે જ આપણો દેશ સુરક્ષિત છે. તેમણે ૧૯૯૯ના કારગિલ યુધ્ધમાં 'ઓપરેશન વિજય' થકી દુશ્મનોને પરાસ્ત કરનાર સેનાના પરાક્રમ અને પૂર્વ વડાપ્રધાન સ્વ. અટલ બિહારી વાજપેયીજીના દ્રઢ રાજકીય નેતૃત્વને યાદ કર્યા હતા. આ રાષ્ટ્રભક્તિ સભર કાર્યક્રમમાં પાલિકા પ્રમુખ નયનાબેન કાપડિયા, શહેર ભાજપ પ્રમુખ અનિરુધ્ધસિંહ રાઠોડ, યુવા મોરચાના શિવાંગ ત્રિવેદી અને કિશન ત્રિવેદી સહિતના આગેવાનો તથા યુવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# વિદ્યાર્થીઓ પર થયેલા હુમલા મુદ્દે રાહુલ ગાંધીનો અમિત શાહને પત્ર

નવી દિલ્હી, તા. ૨૬

લોકસભાના વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ ૨૦ જુલાઈએ દિલ્હીના જંતર-મંતર ખાતે સંસદ માર્ચ દરમિયાન વિદ્યાર્થીઓ પર થયેલા લાઠીચાર્જ અને ટીયર ગેસના ઉપયોગ મુદ્દે ગૃહમંત્રી અમિત શાહને પત્ર લખ્યો છે. તેમણે વિદ્યાર્થીઓ સામે બળપ્રયોગનો આદેશ કોણે આપ્યો તે અંગે





સ્પષ્ટ જવાબ માંગ્યો છે. રાહુલ ગાંધીએ જણાવ્યું કે શાંતિપૂર્ણ વિરોધ લોકશાહીનો મહત્વપૂર્ણ અધિકાર છે અને વિદ્યાર્થીઓ પર થયેલી કાર્યવાહી ગંભીર ચિંતાનો વિષય છે. તેમણે મહિલા વિદ્યાર્થીઓ પર હુમલા અને પેલેટ ગનના ઉપયોગ અંગે પણ સવાલ ઉઠાવ્યા છે. રાહુલે ઘાયલ વિદ્યાર્થીઓ અને એક પત્રકારનો ઉલ્લેખ કરીને જવાબદારી નક્કી કરવાની માંગ કરી છે. સાથે જ પૂછ્યું છે કે વિદ્યાર્થીઓ સામે કાર્યવાહી માટે મંજૂરી કોણે આપી અને સાદા કપડામાં રહેલા લોકો કોણ હતા.

# પેરેલલ લાયસન્સિંગ દ્વારા ખાનગીકરણનો વિરોધ: AIPEFની દેશવ્યાપી આંદોલનની ચેતવણી

અમરેલી,તા.૨૬

ઓલ ઈન્ડિયા પાવર એન્જિનિયર્સ ફેડરેશન (AIPEF) એ ઊર્જા મંત્રાલયની પેરેલલ ડિસ્ટ્રિબ્યુશન લાયસન્સ આપવાની દરખાસ્તનો સખત વિરોધ કરીને તેને પાછલા બારણેથી થતું ખાનગીકરણ ગણાવ્યું છે. ચેરમેન શૈલેન્દ્ર દુબેના જણાવ્યા મુજબ, સરકારી વીજ કંપનીઓ દ્વારા ઊભી કરાયેલી નેટવર્ક વ્યવસ્થાનો ઉપયોગ ખાનગી કંપનીઓને કરવા દેવો એ વિશ્વાસઘાત છે, જે સરકારી ડિસ્કોમ્સને આર્થિક રીતે કંગાળ બનાવી દેશે. ફેડરેશને પ્રશ્ન ઉઠાવ્યો છે કે વીજ પુરવઠાના વિક્ષેપની જવાબદારી, ૨૫ વર્ષના પાવર પરચેઝ એગ્રીમેન્ટ્સના બોજ અને નેટવર્ક વિસ્તરણના ખર્ચમાં ખાનગી કંપનીઓ હિસ્સો આપશે કે નહીં તે અંગે કોઈ સ્પષ્ટતા નથી. કર્મચારીઓ અને હિતધારકોની સંમતિ વિના નિર્ણય લેવાશે તો દેશના ૨૭ લાખ વીજ કર્મચારીઓ અને એન્જિનિયરો દેશવ્યાપી આંદોલન કરશે, જેની સંપૂર્ણ જવાબદારી ઊર્જા મંત્રાલયની રહેશે. GEBEA ના સેક્રેટરી જનરલ એચ. જી. વઘાસીયાએ પણ આ માગણીઓને સમર્થન આપ્યું છે.

# અમેરિકા-ઈરાન તણાવ વચ્ચે બ્રિટનને ઈરાને આપી ધમકી


તેહરાન, તા. ૨૬

અમેરિકા અને ઈરાન વચ્ચે વધતા તણાવ વચ્ચે ઈરાને બ્રિટનને ગંભીર ચેતવણી આપી છે. આઈઆરજીસીના પ્રવક્તાએ જણાવ્યું કે જો બ્રિટન અમેરિકા સાથે મળીને કાર્યવાહી કરશે તો તે ઈરાનની મિસાઈલોના નિશાન પર આવશે. આ નિવેદન અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ચીન અને રશિયાને ઈરાનને ટેકો ન આપવા આપેલી ચેતવણી બાદ આવ્યું છે. ટ્રમ્પે દાવો કર્યો કે ચીન અને રશિયાએ ઈરાનને શસ્ત્રો ન આપવાનું વચન આપ્યું છે. છેલ્લા દિવસોમાં અમેરિકાએ ઈરાન પર હુમલા તેજ કર્યા છે, જ્યારે ઈરાને પણ ખાડી વિસ્તારમાં મિસાઈલ અને ડ્રોન હુમલા કર્યા છે. હોર્મુઝ જળમાર્ગમાં તણાવ વધતા વૈશ્વિક વેપાર અને સુરક્ષા અંગે ચિંતા વધુ ગહન બની છે.

# ઢસા આશ્રમ ખાતે ભવ્યાતિભવ્ય ગુરુપૂર્ણિમાં મહોત્સવ યોજાશે

ઢસા, તા.૨૬

બોટાદ જિલ્લાના ગઢડા તાલુકાના ઢસા ગામ સ્થિત 'સ્વામી શ્રી નિર્દોષાનંદજી સંન્યાસ આશ્રમ' ખાતે આગામી ૨૯ જુલાઈના રોજ ભવ્યાતિભવ્ય ગુરુપૂર્ણિમાં મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. સ્વામીશ્રી ભોલાનંદ સરસ્વતીજી મહારાજની અધ્યક્ષતામાં યોજાનારા આ ધાર્મિક ઉત્સવમાં હજારો ગુરુભક્તો



ઉપસ્થિત રહેશે. માનવસેવા હોસ્પિટલ (ટીંબી)ના પ્રણેતા સદ્ગુરુદેવ સ્વામીશ્રી નિર્દોષાનંદ સરસ્વતીજી મહારાજની તપોભૂમિ એવા ઢસા આશ્રમ ખાતે પૂજ્યપાદ ગુરુદેવની પ્રતિમાનું ષોડશોપચાર પૂજન-અર્ચન કરવામાં આવશે. ગોપાલ કોટન ઈન્ડસ્ટ્રીઝ (રેલવે સ્ટેશન રોડ, ઢસા જં.) ખાતે સવારે ૯:૦૦ થી ૧૨:૦૦ કલાક દરમિયાન યોજાનારા આ પાત્ર પ્રસંગે પધારવા અને મહાપ્રસાદનો લાભ લેવા બી. એલ. રાજપરા તથા ભાવિકભક્તો દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# ઉત્તર પ્રદેશના કૂર્મી પટેલ અને ગુજરાતના પાટીદાર સમાજ વચ્ચે રોટી-બેટીના સંબંધોની પહેલ

પોરબંદર,તા.૨૬

ભારતના બે અગ્રણી કૃષિ પ્રધાન સમાજો એવા ઉત્તર પ્રદેશના કૂર્મી પટેલ અને ગુજરાતના પાટીદારો વચ્ચે સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક સંબંધોને વધુ મજબૂત કરવા એક ઐતિહાસિક પહેલ કરવામાં આવી છે. આ પહેલના ભાગરૂપે કૂર્મી સેનાના પ્રતિનિધિમંડળે સૌરાષ્ટ્રના પ્રવાસ દરમિયાન પોરબંદરમાં પાટીદાર સમાજના આગેવાનો સાથે મહત્વપૂર્ણ બેઠક યોજી હતી. આ અંતર્ગત ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં ત્રિવેણી સંગમ ખાતે મા ઉમા-ખોડલના મંદિરનું નિર્માણ કરાશે. આ ઉપરાંત બંને સમાજના



યુવાનોને વેપાર, ઉદ્યોગ, રોજગાર અને નેટવર્કિંગની તકો આપવા માટે અત્યાધુનિક બિઝનેસ કોમ્યુનિકેશન સેન્ટર શરૂ કરાશે. આ બેઠકમાં ઉત્તર પ્રદેશથી આવેલ રામચંદ્ર પટેલ, ચંદ્રભાણસિંહ પટેલ, રાજેન્દ્ર પ્રસાદ મૌર્ય, રામ શકલ મૌર્ય, હરિશચંદ્ર પટેલ અને ગુજરાત કૂર્મી સેનાના આગેવાન જિજ્ઞેશ કાલાવડીયા, કિશન વેકરિયા, નિલેશ વાછાણી, રમેશ ઘરસંડીયા, સંજય ખીરસરીયા, મયૂર પરસાણા, અર્જુન બરોચિયા, પોરબંદર કૂર્મી સેનાના પ્રમુખ ધીરુભાઈ કણસાગરા ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત પોરબંદર પાટીદાર સમાજના આગેવાનો ગોવિંદભાઈ પોસિયા, પંકજ ઢોલરીયા, પ્રવીણભાઈ કાંટારિયા સહિત સમાજના ભાઈઓ-બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# તુલસીશ્યામ ખાતે ગુરુપૂર્ણિમા મહોત્સવની ઉજવણી માટે વિવિધ પ્રકારના આયોજન

તુલસીશ્યામ,તા.૨૬

ગીરના તીર્થધામ તુલસીશ્યામ ખાતે આ વર્ષે પણ અષાઢ સુદ પુનમના દિવસે ગુરુપૂર્ણિમા મહોત્સવ ઉજવાશે. ગુરુપૂર્ણિમા નિમિત્તે કાઠી ક્ષત્રિય સમાજના શ્યામ સેવકો કંઠી બંધાવીને ગુરુદીક્ષા લેશે અને ગુપ્ત દાન પણ કરશે. ડાભિયા પરિવાર દ્વારા સીતારામ ભોજનાલયથી મંદિર સુધી પાલખીયાત્રા યોજાશે. મંદિરના પટાંગણમાં કનુભાઈ કોટીલા



દ્વારા ભગવાન સત્યનારાયણની કથા યોજાશે. કથા પૂર્ણ થયા બાદ ભગવાન શ્યામની મહાઆરતી અને ગુરુપૂજન કરાશે. કાર્યક્રમના અંતે તમામ ભાવિકો માટે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. આ મહોત્સવ માટે વન વિભાગ અને પોલીસ તંત્ર દ્વારા ખાસ વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી છે. યાત્રાળુઓની સુવિધા માટે ટ્રાફિક, પાર્કિંગ, પીવાના પાણી અને પ્રાથમિક સારવારની વ્યવસ્થા કરવામાં આવી છે. કહેવાય છે કે પ્રાચીન સમયમાં ભગવાન શ્રીકૃષ્ણની પટરાણી રુક્ષ્મણીજીએ અહીં તપસ્યા કરી હતી. જે ડુંગર પર તેમણે તપ કર્યું તે ×રુક્ષ્મણીનો ડુંગર× આજે પણ અહીં આવેલો છે. સ્થાનિક માન્યતા અનુસાર અહીં ગરમ પાણીના કુંડમાં સ્નાન કરવાથી અનેક ચર્મરોગ દૂર થાય છે. આ કુંડો ગીરના જંગલની વચ્ચે કુદરતી રીતે ઉદ્ભવેલા છે અને વર્ષભર ગરમ પાણી આપે છે. વર્ષોથી કાઠી ક્ષત્રિય સમાજના શ્યામ સેવકો આ તીર્થની સેવા અને રક્ષા સાથે જોડાયેલા છે. આ મહોત્સવમાં પધારવા તુલસીશ્યામ ટ્રસ્ટ અને મેનેજર ચિરાગભાઈ ગોંડલીયાનું જાહેર આમંત્રણ છે.

# ગ્રામીણ ઘરવિહોણા પરિવારોને મોટી રાહત, પ્લોટ સમતળ સહાયમાં પાંચ ગણો વધારો


ગાંધીનગર, તા.૨૬



રાજ્ય સરકારે ગ્રામીણ ઘરવિહોણા પરિવારોને મફત રહેણાંક પ્લોટ પર ઘર બાંધવામાં સરળતા રહે તે માટે જમીન સમતળ કરવાની સહાયમાં નોંધપાત્ર વધારો કરવાનો નિર્ણય કર્યો છે. હવે પ્લોટ દીઠ મળતી સમતળ સહાય રૂ. ૧,૦૦૦ના બદલે રૂ. ૫,૦૦૦ કરવામાં આવી છે. ઉપરાંત ખાડા-ટેકરાવાળી જમીન સમતળ કરવા માટે પ્રતિ હેક્ટર મળતી સહાય રૂ. ૫૦ હજારથી વધારી રૂ. ૨ લાખ કરવામાં આવી છે. આ નિર્ણયથી લાભાર્થીઓને ઘર બાંધવા માટે જરૂરી જમીન તૈયાર કરવામાં આર્થિક રાહત મળશે. ગ્રામ્ય આવાસ વિકાસને વધુ અસરકારક બનાવવા માટે સરકાર દ્વારા આ સુધારો અમલમાં મૂકાયો છે. અસમતળ જમીનના કારણે મકાન બાંધવામાં પડતી મુશ્કેલીઓ હવે ઘટશે અને વધુ પરિવારો ઝડપથી પોતાનું પાકું ઘર બનાવી શકશે. રાજ્યની મફત રહેણાંક પ્લોટ યોજના હવે વધુ વ્યવહારુ અને લાભદાયી બનશે, જેના કારણે ગામોના આયોજનબધ્ધ વિકાસને પણ પ્રોત્સાહન મળશે.

# રાજ્યમાં આગામી ૪૮ કલાક ભારે વરસાદની આગાહી, ઉત્તર ગુજરાતમાં રેડ-ઓરેન્જ એલર્ટ

અમદાવાદ, તા.૨૬



રાજ્યમાં સક્રિય બનેલી બે હવામાન પ્રણાલીઓના કારણે આગામી ૪૮ કલાક દરમિયાન ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગે ઉત્તર ગુજરાતના અનેક જિલ્લાઓમાં રેડ અને ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. વાવ-થરાદ, બનાસકાંઠા, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર અને દાહોદમાં ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. અમરેલી, બોટાદ, અમદાવાદ, ગાંધીનગર, પાટણ, આણંદ, ખેડા, વડોદરા, ભરૂચ અને તાપીમાં યલો એલર્ટ જાહેર કરાયું છે. સતત વરસાદને કારણે અનેક વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિ સર્જાઈ છે. હવામાન નિષ્ણાતોએ નીચાણવાળા વિસ્તારોના લોકોને સાવચેત રહેવા અને ખેડૂતોને ખેતરોમાં પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા કરવા અપીલ કરી છે. ૨૮ અને ૨૯ જુલાઈએ વરસાદની તીવ્રતા ઘટવાની શક્યતા છે, જ્યારે ૩૦ જુલાઈએ દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં ફરી ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.


# અંબાજી ગબ્બર પર ધજા ચઢાવવાનો ચાર્જ ફરજિયાત નહીં: મંદિર ટ્રસ્ટ

અંબાજી,તા.૨૬

અંબાજીમાં યોજાયેલી સનાતન ધર્મ સંસદમાં ગબ્બર પર ધજારોહણ માટેના રૂ.૨૧૦૦ ચાર્જ અને યજ્ઞશાળાની વધારેલી ફીને લઈને વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. ધર્મ સંસદે મંદિર ટ્રસ્ટને આવેદનપત્ર આપી ચાર્જ પાછો ખેંચવા અને ૫૧ શક્તિપીઠ મંદિરોમાં ફરી થાળ સેવા શરૂ કરવાની માંગ કરી હતી. બીજી તરફ અંબાજી મંદિર દેવસ્થાન ટ્રસ્ટે સ્પષ્ટતા કરી કે રૂ.૨૧૦૦નો ચાર્જ કોઈ માટે ફરજિયાત નથી, પરંતુ સંપૂર્ણપણે મરજિયાત છે. આ પેકેજમાં વિધિવત પૂજન, ધજા, ઢોલ-નગારા સાથે સામૈયું અને નિ:શુલ્ક ફોટોગ્રાફીની સુવિધા આપવામાં આવે છે. ટ્રસ્ટના જણાવ્યા મુજબ ભક્તો પોતાની ઈચ્છા મુજબ કોઈપણ ચાર્જ વગર પણ ધજા ચઢાવી શકે છે અને આ વ્યવસ્થા શ્રધ્ધાળુઓને આર્થિક શોષણથી બચાવવા માટે શરૂ કરવામાં આવી છે.

# દાહોદ નજીક હાઈવે પર ભીષણ અકસ્માતથી ટ્રકમાં આગ લાગતાં બે લોકોના કરૂણ મોત

દાહોદ, તા.૨૬



અમદાવાદ–ઈન્દોર હાઈવે પર લીમખેડાના પાણીયા બસ સ્ટેન્ડ નજીક બે ટ્રક વચ્ચે થયેલા ભીષણ અકસ્માતમાં બે લોકોના જીવતા બળી જતાં કરૂણ મોત થયા હતા.

ગોધરાથી આવી રહેલી કેમિકલ ભરેલી ટ્રક હાઈવેની બાજુમાં ઉભેલી ટ્રક સાથે ધડાકાભેર અથડાતાં આગ ફાટી નીકળી હતી. જ્વલનશીલ કેમિકલના કારણે બંને વાહનો આગની લપેટમાં આવી ગયા હતા. ટ્રકના ચાલક અને ક્લીનર કેબિનમાં ફસાઈ જતાં બહાર નીકળી શક્યા નહોતા અને ઘટનાસ્થળે જ તેમનું મોત થયું હતું. બીજી ટ્રકમાં ભરેલો પ્લાયવુડનો જથ્થો પણ બળીને ખાખ થઈ ગયો હતો. જાણ થતાં ફાયર વિભાગ અને પોલીસની ટીમ તાત્કાલિક સ્થળે પહોંચી આગ પર કાબૂ મેળવ્યો હતો. પોલીસે મૃતદેહોને બહાર કાઢી પોસ્ટમોર્ટમ માટે મોકલ્યા હતા અને અકસ્માતના કારણે સર્જાયેલા ટ્રાફિક જામને દૂર કરી વાહનવ્યવહાર ફરી શરૂ કરાવ્યો હતો.

# એન્જિનિયરિંગમાં પ્રથમ રાઉન્ડની સીટ એલોટમેન્ટ જાહેર :૧,૩૧૭ વિદ્યાર્થીઓને બેઠક ફાળવાઈ

અમદાવાદ,તા.૨૬

રાજ્યની 'એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્સિસ' (ACPC) દ્વારા એમ.ઈ. અને એમ.ટેક. જેવા અનુસ્નાતક ઈજનેરી (PG Engineering) અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેના પ્રથમ રાઉન્ડનું સીટ એલોટમેન્ટ જાહેર કરાયું છે. જે અંતર્ગત સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજોમાં કુલ ૧,૩૧૭ વિદ્યાર્થીઓને બેઠકોની ફાળવણી કરવામાં આવી છે.ACPC હસ્તકની ૪,૩૧૨ બેઠકો માટે ૧,૯૩૫ ઉમેદવારોએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. મેરિટમાં GATE ક્વોલિફાઈડ ઉમેદવારોને પ્રાથમિકતા અપાઈ છે. પ્રથમ રાઉન્ડમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓએ ૨૬ જુલાઈ સુધીમાં ઓનલાઈન ટોકન ફી ભરી પ્રવેશ કન્ફર્મ કરવાનો રહેશે. જ્યારે ખાલી પડેલી બેઠકો માટે ૨૭ જુલાઈથી બીજા રાઉન્ડની ચોઈસ ફિલિંગ પ્રક્રિયા શરૂ થશે.

# કેનેડામાં કાર અકસ્માતમાં અમદાવાદના ૨૨ વર્ષીય યુવકનું ઘટનાસ્થળે મોત

અમદાવાદ, તા.૨૬



કેનેડામાં રહેતા અમદાવાદના ૨૨ વર્ષીય કોમ્પ્યુટર એન્જિનિયર ભીષ્મ રાજ્યગુરૂનું કાર અકસ્માતમાં કરૂણ અવસાન થયું છે. સાસ્કાચેવાન હાઈવે પર રોંગ સાઈડથી આવેલી કાર તેમની કાર સાથે અથડાતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. ટક્કર બાદ કાર રસ્તા પરથી ફંગોળાઈ મેદાનમાં પલટી ખાઈ ગઈ હતી, જેમાં ગંભીર આંતરિક ઈજાઓને કારણે ભીષ્મનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. અકસ્માત સર્જનાર વાહનના ચાલક સામે સ્થાનિક પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ભીષ્મ છેલ્લા ચાર વર્ષથી કેનેડામાં અભ્યાસ અને નોકરી માટે રહેતા હતા તેમજ ગુજરાતી સમાજની વિવિધ સામાજિક પ્રવૃત્તિઓમાં સક્રિય હતા. તેમના નિધનથી પરિવાર અને કેનેડામાં વસતા ગુજરાતી સમાજમાં શોકની લાગણી ફેલાઈ છે. તેમનો પાર્થિવ દેહ ૨ ઓગસ્ટે અમદાવાદ લાવવામાં આવશે, જ્યાં અંતિમ દર્શન બાદ અંતિમ સંસ્કાર કરવામાં આવશે.

# બાવળા-સાણંદમાં પાણી ભરાવાના પગલે અમિત શાહે કરી સમીક્ષા, મંત્રીઓને સોંપાઈ જવાબદારી

અમદાવાદ, તા. ૨૬



રાજ્યમાં ભારે વરસાદ બાદ બાવળા અને સાણંદ વિસ્તારમાં પાણી ભરાવાની ગંભીર સ્થિતિને પગલે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે મુખ્યમંત્રી સાથે ટેલિફોનિક ચર્ચા કરી રાહત કામગીરીની સમીક્ષા કરી હતી. અસરગ્રસ્ત વિસ્તારોમાં પાણીનો ઝડપી નિકાલ થાય અને લોકોને વહેલી તકે રાહત મળે તે માટે જરૂરી સૂચનાઓ આપવામાં આવી છે. રાજ્ય સરકારે શિક્ષણ મંત્રી પ્રદ્યુમન વાજા અને મહેસૂલ રાજ્યમંત્રી સંજયસિંહ મહીડાને કામગીરીની જવાબદારી સોંપી છે. ઉપરાંત વરિષ્ઠ અધિકારીઓને સ્થળ પર મોકલી સ્થિતિનું નિરીક્ષણ અને કાયમી ઉકેલ માટે આયોજન શરૂ કરાયું છે. પાણી ભરાયેલા વિસ્તારોમાં આધુનિક મશીનરી અને પમ્પિંગ વ્યવસ્થાની મદદથી નિકાલની કામગીરી ઝડપી બનાવવામાં આવી રહી છે. વહીવટી તંત્ર સતત દેખરેખ રાખી અસરગ્રસ્ત વિસ્તારોમાં જનજીવન સામાન્ય બનાવવા પ્રયાસ કરી રહ્યું છે.

# બોપલમાં ૩ દિવસથી ભરાયેલા પાણીથી લોકોએ મેયર હિતેષ બારોટનો કર્યો ઘેરાવ

અમદાવાદ,તા.૨૬



અમદાવાદના બોપલ, ઘુમા અને શેલા વિસ્તારમાં ભારે વરસાદ બાદ ત્રણ દિવસથી પાણી ભરાયેલા રહેતાં સ્થાનિકોનો ગુસ્સો ફાટી નીકળ્યો છે. બોપલ ગામની મુલાકાતે પહોંચેલા મેયર હિતેષ બારોટનો સ્થાનિકો અને વિપક્ષી નેતાઓએ ઘેરાવ કરી ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. લોકોએ નેતાઓ અને અધિકારીઓ પર નિષ્ક્રિયતાનો આરોપ લગાવ્યો હતો. સામે પક્ષે મેયરે દાવો કર્યો હતો કે વિરોધ કરનાર કોંગ્રેસનો કાર્યકર હતો અને મહાનગરપાલિકા દ્વારા પાણી નિકાલની કામગીરી ચાલુ છે.

# દાતાર પર્વત પર મનમોહક વાતાવરણમાં રવિવારે પ્રકૃતિપ્રેમીઓ અને શ્રધ્ધાળુઓનો ભારે ઘોડાપૂર

જૂનાગઢ,તા.૨૬



જૂનાગઢનો પવિત્ર દાતાર પર્વત પોતાની આધ્યાત્મિક મહત્તા, કોમી સૌહાર્દ અને પ્રાકૃતિક સૌંદર્ય માટે દેશભરમાં પ્રખ્યાત છે. ચોમાસાની ઋતુમાં ગિરનાર અને દાતાર પર્વતમાળા પ્રકૃતિના અદ્ભુત સૌંદર્યથી ખીલી ઊઠી છે, જે શિમલા અને આબુ જેવા હિલ સ્ટેશનોની યાદ અપાવે છે. રવિવારની રજા હોવાથી પૂજ્ય જમીયલ શાહ દાતારની પવિત્ર જગ્યાના દર્શનાર્થે અને ટ્રેકિંગ માટે મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓ તથા પ્રકૃતિપ્રેમીઓ ઉમટી પડ્યા હતા. સમગ્ર પહાડી વિહંગમ દ્રશ્યો અને ભક્તોના નાદથી ગુંજી ઊઠ્યો હતો.

# અમદાવાદમાં વેપારીઓએ વરસાદથી થયેલ નુકસાન અંગે વળતર અને સહાયની માંગ કરી

અમદાવાદ, તા.૨૬



શહેરના ગુરુકુળ વિસ્તારમાં આવેલા ઈન્દ્રપ્રસ્થ કોમ્પ્લેક્સમાં ભારે વરસાદ બાદ દુકાનોમાં પાણી ભરાતાં વેપારીઓને મોટું આર્થિક નુકસાન થયું છે. અંદાજે આઠ ફૂટ પાણી ભરાવાના કારણે કપડાં, સ્ટેશનરી, કરિયાણા અને અન્ય માલ બગડી ગયો છે. ત્રણ દિવસ બાદ પણ વેપારીઓ કાદવ સાફ કરવાની અને નુકસાનગ્રસ્ત માલ બહાર કાઢવાની કામગીરીમાં વ્યસ્ત છે. વેપારીઓએ જણાવ્યું કે અચાનક પાણી ભરાતા માલ બચાવવાનો સમય મળ્યો નહોતો. હવે દુકાનો ફરી શરૂ કરવા માટે સફાઈ અને સમારકામ ચાલી રહ્યું છે. વેપારીઓએ સરકાર પાસે નુકસાનનું સર્વેક્ષણ કરીને યોગ્ય વળતર અને સહાય આપવાની માંગ કરી છે.












# સુરતના સચિનમાં ૧૪ વર્ષીય સગીરા પર દુષ્કર્મ

સુરત,તા.૨૬

સુરતના સચિન વિસ્તારમાં મધ્યપ્રદેશથી ભાગીને આવેલી ૧૪ વર્ષીય સગીરાને પ્રેમજાળમાં ફસાવી ૧૬ વર્ષના કિશોરે બે દિવસમાં ત્રણ વાર દુષ્કર્મ આચર્યું હોવાની શરમજનક ઘટના સામે આવી છે. પીડિતાના પિતાની ફરિયાદના આધારે સચિન પોલીસે BNS અને પોક્સો (POCSO) હેઠળ ગુનો નોંધી ફરાર કિશોરની શોધખોળ હાથ ધરી છે.